શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર સંચાલિત

# સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ

... One Step Ahead...



માઁ ખોડલની અસીમ કૃપાથી
સોળગામ લેઉવા પાટીદાર

## કન્યા કેળવણી રથ





## મુઠ્ઠી માટીથી કરીએ 'મા' ના વધામણાં

# શ્રી સ્વસ્તિક સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર

## દાનના મહારથીઓ



સ્વ. પરાગભાઇ
સવાભાઇ આંટીયા
ગઢ



સ્વ. રણછોડભાઇ
તળશીભાઇ આંબાણી
દલવાડા



સ્વ. કાળુભાઇ
કરશનભાઇ ગોઠી
કાતરા



સ્વ. સમુબેન
ચેલાભાઇ સાળવી
ગઢ



સ્વ. મણીબેન
શંકરભાઇ સાળવી
ગઢ




સ્વ. કુબેરભાઇ
માધાભાઇ મેસરા
મેસર




સ્વ. માધાભાઇ
રણછોડભાઇ મેસરા
મેસર

## ટ્રસ્ટ નોંધણી સમિતિ - આદ્યસ્થાપક



સ્વ. પ્રાગજીભાઇ
હંસરાજભાઇ લૂટ્યા
કુંભાસણ




શ્રી શંકરભાઇ
ગોદડભાઇ વાગડોદા
કુંભાસણ



સ્વ. શંકરભાઇ
નાગરભાઇ પટેલ (ભૂટકા)
દલવાડા



શ્રી મુળચંદભાઇ
ખુશાલભાઇ આંટીયા
ગઢ



સ્વ. ધુડાભાઇ
નાથાભાઇ મોગા
કુંભલમેર



સ્વ. રામજીભાઇ
રઘાભાઇ કાપડી
મડાણા



સ્વ. ઉજમભાઇ
નાથાભાઇ પટેલ
કાતરા

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧. | સંપાદકીય કલમે... | ૨ |
| ૨. | પ્રમુખશ્રી બે બોલ | ૩ |
| ૩. | દાનના મહારથીઓ યાદી | ૪ |
| ૪. | ટ્રસ્ટના આજદિન સુધીના પ્રમુખ અને મંત્રીશ્રીઓની વિગત | ૫ |
| ૫. | વર્તમાન કારોબારી | ૬ |
| ૬. | લેઉવા પાટીદારનો ઇતિહાસ | ૭ |
| ૭. | સોળગામમાં વસતા લેઉવા પટેલની અટકો અને ગામમાં આવેલ ધાર્મિક સ્થળો | ૧૦ |
| ૮. | લગ્નની સંપૂર્ણ વિધિ | ૧૨ |
| ૯. | લેઉવા પાટીદારોની લગ્નવિધિ | ૧૪ |
| ૧૦. | જુના લગ્ન ગીતો | ૧૫ |
| ૧૧. | જીવનના સોળ સંસ્કાર વિશે | ૧૭ |
| ૧૨. | અંતિમ સંસ્કાર વિશે | ૨૦ |
| ૧૩. | આપણા તહેવારો, આપણી સંસ્કૃતિ | ૨૧ |
| ૧૪. | સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ અને અભ્યાસ કરતા બાળકોની વિગત | ૨૩ |
| ૧૫. | ખેડૂતો માટે ઉપયોગી પત્રક અને તેની સમજ | ૨૪ |
| ૧૬. | ધોરણ-૧૨ કોમર્સ અને આર્ટ્સ પછી શું? | ૨૭ |
| ૧૭. | એક વાલી તરીકે આપણે આટલું તો કરીએ જ... | ૨૮ |
| ૧૮. | માનસિક સ્વાસ્થ્ય માટેના વૈજ્ઞાનિક અભિગમ | ૨૯ |
| ૧૯. | આવો લઇએ પ્રતિજ્ઞા | ૩૦ |
| ૨૦. | ગૃહસ્થાશ્રમ સર્વોત્તમ | ૩૧ |
| ૨૧. | ભગવાનની ભક્તિનું ફળ અચૂક મળે જ... | ૩૨ |
| ૨૨. | ખરી મર્દાનગી ભૂલ સ્વીકારવામાં છે | ૩૩ |
| ૨૩. | શિક્ષણનો મુખ્ય હેતુ | ૩૩ |
| ૨૪. | પશુ પ્રજનન વિશેની જાણકારી | ૩૪ |
| ૨૫. | પશુ રોગ નિયંત્રણ | ૩૬ |
| ૨૬. | સારા સંસ્કાર ખૂબ જરૂરી છે | ૩૯ |
| ૨૭. | આભાર દર્શન | ૪૦ |

# સંપાદકીય કલમે...



સોળગામ લેઉવા પાટીદાર સમાજ જે પાલનપુર શહેર,તેમજ ગઢથી ૧૨ કિલોમીટરના એરિયામાં આવેલા ૧૬(સોળ) ગામ અને અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ તેમજ વાગડોદ અને કિમ્બુવા વિસ્તારમાં વસતા લોકો સોળગામ લેઉવા પાટીદાર સમાજનું એક અભિન્ન અંગ છે. મોટે ભાગે લેઉવા પાટીદાર સમાજનો વ્યવસાય મૂળભૂત ખેતી, પશુપાલન, રત્નકલાકાર (હીરાના કારખાના), ગંજબજાર, દુકાન તેમજ નાનામોટા ઉદ્યોગો સાથે પ્રગતિના સોપાન સર કરી પાટીદાર સમાજમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. લેઉવા પાટીદાર સમાજ દ્વારા પાલનપુર ખાતે કેળવણીનું ધામ સન્માનીય દાતાશ્રીઓના સહયોગથી બનાવી બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવૃતિ હાલ કાર્યરત છે.

દીકરીઓને સંસ્કારયુક્ત સલામતી સાથેનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ગામેગામ યથાશક્તિ સહયોગ માંગવા કન્યા કેળવણી રથ આવી રહ્યો છે. એવા સમયે સમાજની દીકરી તરીકે લેઉવા પાટીદાર સમાજનો ઇતિહાસ, માનવ જીવનના સોળ સંસ્કાર, સંસ્થા વિશે માહિતી, સન્માનીય દાતાશ્રીઓની વિગત અને હાલના, પૂર્વ ટ્રસ્ટીઓની માહિતી, સોળગામમાં વસતા લોકોમાં આવતી પેટાજ્ઞાતિ અને ગામમાં આવેલ ધાર્મિક સ્થળોની માહિતી, લગ્નવિધિ, અંતિમ સંસ્કારની શાસ્ત્રોક્ત વિધિ તેમજ ખેડૂતો માટે ઉપયોગી ગામ નમૂના નંબર ૧ થી ૧૮ સુધીની માહિતી, પશુ પ્રજનન વિશેની જાણકારી અને સમજ આ તમામ બાબતોનું સંકલન કરીને એક પુસ્તક મારા દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે. જે આપ સૌ લોકોને અર્પણ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાએ પુસ્તિકાની આવૃત્તિના પ્રકાશન માટે મારા ઉપર શ્રદ્ધા રાખી અમોને સંપાદકની જવાબદારી સોંપી છે. તેને નિષ્ઠાપૂર્વક નિભાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે. અંતમાં સંસ્થાની લાગણીના લીધે જે જવાબદારીનું પાલન કરી આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. તેમાં કોઈપણ ભૂલચૂક રહી ગઈ હોય તો દરગુજર કરી આપ સર્વેની માફીની યાચના કરું છું.

**આપની દીકરી**

**(રંજનબેન પટેલ)**
**સાસમ**

# પ્રમુખશ્રીના બે બોલ...

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુરની સ્થાપના સમાજના વડીલો, આગેવાનો, શુભચિંતકો અને શિક્ષણપ્રેમીઓ દ્વારા તા. ૧૩/૮/૧૯૭૫ ના રોજ દાતાઓના સહયોગથી કરવામાં આવેલ હતી. સંસ્થાની છાત્રાલયથી શરૂઆત કરેલ જે આજે તમામ સન્માનનીય દાતાઓ, પૂર્વ અને વર્તમાન ટ્રસ્ટીઓ, સારસ્વત મિત્રો, સમાજના વડીલો, શિક્ષણપ્રેમીઓ અને શુભચિંતકોના સહયોગથી આજે શ્રી પરાગભાઈ સવાભાઇ આંટીયા અને શ્રી રણછોડભાઈ તળસીભાઇ આંબાણી કુમાર છાત્રાલય, શ્રી કાળુભાઇ કરસનભાઇ ગોઠી હાઇસ્કૂલ અને સ્વસ્તિક ઉચ્ચતર માધ્યમિક શાળા, શ્રીમતી સમુબેન ચેલાભાઇ સાળવી અને શ્રીમતી મણીબેન શંકરભાઇ સાળવી પ્રાથમિક શાળા, શ્રીમતી મૂળીબેન રણછોડભાઇ હીરાભાઇ મેસરા બાલમંદિર, સ્વસ્તિક ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, સ્વસ્તિક ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્રોફેશનલ કાઉન્સેલિંગ એન્ડ કરિયર અકેડમી, સ્વસ્તિક આર્ટ અકેડમી, સ્વસ્તિક સ્પોર્ટ્સ અકેડમી, સ્વસ્તિક મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સ્વસ્તિક કન્યા છાત્રાલય, સ્વસ્તિક બાલ સંસ્કાર મંદિર એમ મળીને કુલ ૧૧ વિભાગો અને ૫૦૦૦ થી વધુ બાળકો તેમજ ૨૦૦ થી વધારે કાયમી અને પાર્ટ ટાઇમ કર્મચારીઓ શિક્ષણરૂપી જ્યોતને આગળ ધપાવી રહ્યા છીએ.

બદલાતા જતા પ્રવર્તમાન સમયમાં અને અત્યારના સમયની માંગ પ્રમાણે દીકરીઓને સલામતી સાથેનું સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તેવા શુભ આશયથી સ્વસ્તિક મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુરની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં ૨૫૦થી વધારે દીકરીઓ ઘરઆંગણે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી પોતાના જીવનના પાવઠા ચડી રહેલ છે. કોલેજના અભ્યાસની સાથે-સાથે C.A. ફાઉન્ડેશનના વર્ગો, TALLYના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો, Goal of IAS / IPS ના વર્ગો, પર્સનાલિટી ડેવલોપમેન્ટના વર્ગો, સ્પોકન ઇંગ્લિશના વર્ગો અને કમ્પ્યુટરના વર્ગોમાં અભ્યાસ કરાવીને દીકરી સ્વનિર્ભર બને તેવા પ્રયત્નો સંસ્થા દ્વારા થઇ રહ્યા છે. વધુમાં સ્વસ્તિક આર્ટ અકેડમી, સ્વસ્તિક સ્પોર્ટસ અકેડમી, સ્વસ્તિક ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્રોફેશનલ કાઉન્સેલિંગ એન્ડ કરિયર અકેડમી દ્વારા પણ રજાના દિવસોમાં શાળાનો ઉપયોગ કરીને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા સતત પ્રયત્નો સંસ્થા દ્વારા થઈ રહ્યાં છે. જેના કારણે જીલ્લાકક્ષાએ, રાજ્ય કક્ષાએ, રાષ્ટ્ર કક્ષાએ વિવિધ મેડલ મેળવીને સંસ્થા અને જીલ્લાનું ગૌરવ વધારેલ છે. તેમજ તજજ્ઞ ગુરૂજીઓ દ્વારા નજીવી ફી માં ધોરણ – ૧૧, ૧૨નું શિક્ષણ આપીને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્ન સંસ્થા કરી રહી છે. ધોરણ – ૧૧, ૧૨ સાથે JEE / NEET ના વર્ગો, C.A. ફાઉન્ડેશનના વર્ગો, કરિયર ગાઇડન્સના વર્ગો, કમ્પ્યુટરના વર્ગો, TALLYના વર્ગો કરાવીને બાળકોની ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ થાય તેવા સંનિષ્ઠ પ્રયત્નો સંસ્થા દ્વારા થઈ રહ્યા છે. તેમજ સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોનાની મહામારી આવી ત્યારે આપણી સંસ્થાએ શાળાને યુધ્ધના ધોરણે હોસ્પિટલમાં ફેરવીને કેટલાય દર્દીઓની સેવા કરીને માનવતા અને સમાજસેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડેલ છે.

**આવો,** આપણે સૌ સાથે મળીને દીકરીઓને સલામતી સાથેનું સંસ્કારયુક્ત ઉચ્ચશિક્ષણ મળી રહે તેવા પ્રયત્ન કરીએ અને નવીન શરૂ કરેલ મહિલા કોલેજ વટવૃક્ષ બને તે માટે યથાશક્તિ સહયોગી બનીએ, તેમજ આપણી દીકરી આપણી કોલેજમાં અભ્યાસ કરી પોતાના જીવન ઘડતરના સોપાનો સર કરે તેવા પ્રયત્ન કરીએ.

**(રમેશ એમ. પટેલ)**
પ્રમુખ
શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર

# શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર સંચાલિત
## સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ
# દાનના મહારથીઓની યાદી

### શ્રી પરાગભાઇ સવાભાઇ આંટીયા અને શ્રી રણછોડભાઇ તળસીભાઇ આંબાણી છાત્રાલય, પાલનપુર

| ક્રમ | દાતાશ્રીનું નામ | ગામ | મોબાઇલ નં. |
|---|---|---|---|
| ૧. | આંટીયા બેચરભાઇ પરાગભાઇ | ગઢ | ૯૯૭૪૧ ૮૦૪૦૮ |
| | આંટીયા ઉજમભાઇ પરાગભાઇ | ગઢ | ૯૮૯૮૭ ૨૬૧૦૭ |
| | આંટીયા વિરચંદભાઇ પરાગભાઇ | ગઢ | ૯૯૯૮૦ ૯૬૦૪૭ |
| | આંટીયા પસાભાઇ પરાગભાઇ | ગઢ | ૯૪૨૭૮ ૧૦૫૩૭ |
| | આંટીયા કામરાજભાઇ પરાગભાઇ | ગઢ | ૯૯૬૯૬ ૮૨૪૧૯ |
| | આંટીયા રામજીભાઇ પરાગભાઇ | ગઢ | ૮૧૨૮૩ ૫૩૫૪૦ |
| ૨. | આંબાણી શંકરભાઇ રણછોડભાઇ | દલવાડા | ૯૮૯૮૪ ૫૬૦૬૫ |
| | આંબાણી નાથાભાઇ રણછોડભાઇ | દલવાડા | ૯૯૭૯૨ ૧૫૨૦૫ |
| | આંબાણી માધાભાઇ રણછોડભાઇ | દલવાડા | ૯૦૨૯૬ ૨૨૩૮૫ |
| | આંબાણી સોમાભાઇ રણછોડભાઇ | દલવાડા | ૯૯૨૦૬ ૬૬૮૫૧ |

### શ્રી કાળુભાઇ કરશનભાઇ ગોઠી હાઇસ્કૂલ, પાલનપુર

| ક્રમ | દાતાશ્રીનું નામ | ગામ | મોબાઇલ નં. |
|---|---|---|---|
| ૧. | ગોઠી હરીભાઇ કાળુભાઇ | કાતરા | ૯૮૨૧૧ ૧૦૩૬૧ |
| | ગોઠી નાગરભાઇ કાળુભાઇ | કાતરા | |
| | ગોઠી ચેલાભાઇ કાળુભાઇ | કાતરા | ૮૩૬૯૨ ૪૦૧૭૦ |
| | ગોઠી પરષોત્તમભાઇ કાળુભાઇ | કાતરા | ૯૮૨૫૭ ૩૨૩૭૪ |

### શ્રીમતી સમુબેન ચેલાભાઇ સાળવી અને શ્રીમતી મણીબેન શંકરભાઇ સાળવી પ્રાથમિક શાળા, પાલનપુર

| ક્રમ | દાતાશ્રીનું નામ | ગામ | મોબાઇલ નં. |
|---|---|---|---|
| ૧. | સાળવી શંકરભાઇ ચેલાભાઇ (લેથ) | ગઢ | ૯૯૧૩૬ ૦૯૭૧૪ |
| | સાળવી દિનેશભાઇ શંકરભાઇ | ગઢ | ૯૮૧૯૩ ૭૦૬૭૬ |
| | સાળવી દિપકભાઇ શંકરભાઇ | ગઢ | ૯૮૨૦૩ ૧૯૫૭૪ |

### શ્રીમતી મૂળીબેન રણછોડભાઇ હીરાભાઇ મેસરા બાલમંદિર, પાલનપુર

| ક્રમ | દાતાશ્રીનું નામ | ગામ | મોબાઇલ નં. |
|---|---|---|---|
| ૧. | મેસરા બબલદાસ કુબેરભાઇ | મેસર | ૯૮૭૦૦ ૭૫૨૦૯ |
| | મેસરા ડાહ્યાભાઇ કુબેરભાઇ | મેસર | ૯૮૩૩૬ ૫૭૭૯૯ |
| ૨. | મેસરા મનજીભાઇ માધાભાઇ | મેસર | ૯૯૮૭૧ ૭૪૦૩૩ |
| | મેસરા નારણભાઇ માધાભાઇ | મેસર | ૯૮૨૦૨ ૫૩૦૨૫ |
| | મેસરા કામરાજભાઇ માધાભાઇ | મેસર | ૯૮૨૧૪ ૭૬૬૩૭ |
| | મેસરા હસમુખભાઇ માધાભાઇ | મેસર | ૯૯૨૦૭ ૭૪૪૪૯ |

# શ્રી સ્વસ્તિક સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર
## (સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ)
## ટ્રસ્ટના આજદિન સુધીના પ્રમુખ / મંત્રીની યાદીઓની વિગત

### પ્રમુખશ્રીઓ (૧૯૭૨ થી)

| ક્રમ | વર્ષ | નામ | મો. નંબર | ગામ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૭૨ થી ૧૯૮૦ | સ્વ. પ્રાંગજીભાઇ હંસરાજભાઇ લૂટ્યા | – | કુંભાસણ |
| ૨. | ૧૯૮૦ થી ૧૯૮૪ | સ્વ. કાળુભાઇ ભગાભાઇ ડેરીયા | – | મડાણા |
| ૩. | ૧૯૮૪ થી ૨૦૦૦ | શ્રી શંકરભાઇ ગોદડભાઇ વાગડોદા | ૯૭૨૪૨ ૩૯૦૦૮ | કુંભાસણ |
| ૪. | ૨૦૦૦ થી ૨૦૦૫ | શ્રી અમૃતભાઇ લખુભાઇ ફોસી | ૯૩૭૭૭ ૫૭૭૭૫ | વેડંચા |
| ૫. | ૨૦૦૫ થી ૨૦૦૭ | સ્વ. ધુડાભાઇ નાથાભાઇ મોગા | – | કુંભલમેર |
| ૬. | ૨૦૦૭ થી ૨૦૦૮ | શ્રી પરષોત્તમભાઇ કાળુભાઇ ગોઠી | ૯૮૨૫૭ ૩૨૩૭૪ | કાતરા |
| ૭. | ૨૦૦૮ થી ૨૦૧૨ | શ્રી મગનભાઇ ડોસજીભાઇ ચંદ્રમણીયા | ૯૮૨૪૩ ૧૮૬૪૮ | મડાણા |
| ૮. | ૨૦૧૨ થી ૨૦૧૫ | શ્રી વાલજીભાઇ લખુભાઇ પટેલ | ૯૭૧૨૫ ૫૮૭૦૮ | ખસા |
| ૯. | ૨૦૧૫ થી ૨૦૧૮ | શ્રી રમણીકભાઇ પરમાભાઇ દેલાત | ૯૪૨૭૦ ૪૩૦૪૨ | ગઢ |
| ૧૦. | ૨૦૧૮ થી | શ્રી રમેશકુમાર માનજીભાઇ પટેલ (R.M.) | ૯૪૨૭૬ ૩૯૮૯૯ | કુંભલમેર |

### મંત્રીશ્રીઓ (૧૯૭૨ થી)

| ક્રમ | વર્ષ | નામ | મો. નંબર | ગામ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૭૨ થી ૧૯૭૬ | શ્રી શંકરભાઇ ગોદડભાઇ વાગડોદા | ૯૭૨૪૨ ૩૯૦૦૮ | કુંભાસણ |
| ૨. | ૧૯૭૬ થી ૧૯૮૯ | શ્રી ઉજમભાઇ કરશનભાઇ ગોઠી | ૯૯૦૪૪ ૩૩૧૩૯ | ગઢ |
| ૩. | ૧૯૮૯ થી ૧૯૯૩ | શ્રી ચેલાભાઇ કાળુભાઇ કોટડીયા | ૯૭૨૭૫ ૦૬૯૭૯ | સલ્લા |
| ૪. | ૧૯૯૩ થી ૨૦૦૦ | શ્રી મૂળચંદભાઇ ખુશાલભાઇ ચંદ્રમણીયા | ૯૪૨૭૦ ૬૫૧૩૦ | મડાણા |
| ૫. | ૨૦૦૦ થી ૨૦૦૧ | શ્રી લખુભાઇ ડોસજીભાઇ ડેરીયા | ૯૪૨૭૩ ૦૯૯૬૬ | મડાણા |
| ૬. | ૨૦૦૧ થી ૨૦૦૩ | શ્રી અમૃતભાઇ મગનભાઇ મેણાત | ૯૮૨૫૨ ૬૮૨૫૧ | સલેમપુરા |
| ૭. | ૨૦૦૩ થી ૨૦૦૪ | સ્વ. શંકરભાઇ કાનજીભાઇ ચાંબડીયા | – | મડાણા |
| ૮. | ૨૦૦૪ થી ૨૦૦૫ | શ્રી જીવરામભાઇ ગોવિંદભાઇ સાળવી | ૯૮૨૪૦ ૩૮૬૮૭ | સાસમ |
| ૯. | ૨૦૦૫ થી ૨૦૦૭ | શ્રી રમેશભાઇ ગોવાભાઇ ભરસાડીયા | ૯૯૨૪૭ ૧૫૨૨૧ | પટોસણ |
| ૧૦. | ૨૦૦૭ થી ૨૦૦૮ | સ્વ. મોતીભાઇ નાગરભાઇ ઇલાસરીયા | – | ખસા |
| ૧૧. | ૨૦૦૮ થી ૨૦૧૨ | શ્રી અમૃતભાઇ બેચરભાઇ પટેલ | ૯૮૭૯૫ ૪૫૯૪૮ | ઇકબાલગઢ |
| ૧૨. | ૨૦૧૨ થી ૨૦૧૫ | શ્રી નાથાભાઇ ભીખાભાઇ પટેલ | ૯૪૨૬૦ ૩૧૬૮૭ | ઇકબાલગઢ |
| ૧૩. | ૨૦૧૫ થી ૨૦૨૧ | શ્રી અશોકભાઇ વીરાભાઇ પટેલ | ૯૮૯૮૬ ૨૯૦૩૧ | ખસા |
| ૧૪. | ૨૦૨૧ થી | શ્રી જયંતિભાઇ નરસિંહભાઇ ઘોડા(પટેલ) | ૯૯૦૯૮ ૪૫૧૦૦ | કાતરા |

# શ્રી સ્વસ્તિક સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર
## (સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ)
## વર્તમાન કારોબારી

| ક્રમ | કારોબારી સભ્યશ્રીનું નામ | હોદ્દો | ગામ | મોબાઇલ નં. |
|---|---|---|---|---|
| ૧. | શ્રી રમેશકુમાર માનજીભાઇ પટેલ (R.M.) | પ્રમુખશ્રી | કુંભલમેર | ૯૪૨૭૬ ૩૯૮૯૯ |
| ૨. | શ્રી પ્રકાશભાઇ વાલાભાઇ ગામી | ઉપપ્રમુખશ્રી | દલવાડા | ૯૪૨૬૩ ૮૨૫૪૦ |
| ૩. | શ્રી જયંતિભાઇ નરસિંહભાઇ ઘોડા (પટેલ) | મંત્રીશ્રી | કાતરા | ૯૯૦૯૮ ૪૫૧૦૦ |
| ૪. | શ્રી સુનિલભાઇ વાલજીભાઇ સાળવી | સહમંત્રીશ્રી | ગઢ | ૯૮૯૮૦ ૯૮૮૫૬ |
| ૫. | શ્રી મુકેશભાઇ કરશનભાઇ પટેલ | ખજાનચીશ્રી | ઇકબાલગઢ | ૯૯૨૪૦ ૨૬૦૮૦ |
| ૬. | શ્રી અશોકભાઇ વીરાભાઇ પટેલ | આંત.ઓડીટર | ખસા | ૯૮૯૮૬ ૨૯૦૩૧ |
| ૭. | શ્રી પ્રકાશભાઇ ચેલાભાઇ સાળવી | ઓડીટરશ્રી | સાસમ | ૯૮૨૫૪ ૦૮૮૫૦ |
| ૮. | શ્રી હસમુખભાઇ વીરાભાઇ સવાચા | ઓડીટરશ્રી | સલ્લા | ૭૨૮૫૦ ૭૬૧૭૦ |
| ૯. | શ્રી ચેલાભાઇ કાળુભાઇ ગોઠી | દાતાશ્રી | કાતરા | ૯૯૨૫૭ ૯૬૭૦૨ |
| ૧૦. | શ્રી શંકરભાઇ ચેલાભાઇ સાળવી | દાતાશ્રી | ગઢ | ૯૯૧૩૬ ૦૯૭૧૪ |
| ૧૧. | શ્રી બબલદાસ કુબેરભાઇ મેસરા | દાતાશ્રી | મેસર | ૯૮૭૦૦ ૭૫૨૦૯ |
| ૧૨. | શ્રી શંકરભાઇ રણછોડભાઇ અંબાણી | દાતાશ્રી | દલવાડા | ૯૮૯૮૪ ૫૬૦૬૫ |
| ૧૩. | શ્રી રોહિતભાઇ સોમાભાઇ ભૂટકા | સભ્યશ્રી | મેસર | ૯૯૨૫૫ ૭૮૨૮૨ |
| ૧૪. | શ્રી મનોજકુમાર શંકરલાલ કાપડી | સભ્યશ્રી | મડાણા | ૯૮૨૪૨ ૭૪૪૯૯ |
| ૧૫. | શ્રી રામચંદભાઇ ચેલાભાઇ માતમડા | સભ્યશ્રી | ટાકરવાડા | ૯૯૭૯૯ ૮૧૨૦૭ |
| ૧૬. | શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ પટેલ | સભ્યશ્રી | વેડંચા | ૯૩૭૭૭ ૫૭૭૭૫ |
| ૧૭. | શ્રી સતિશભાઇ કાળીદાસ વોરા | સભ્યશ્રી | મડાણા | ૭૯૯૦૫ ૧૨૩૨૬ |
| ૧૮. | શ્રી જિજ્ઞેશકુમાર હંસરાજભાઇ પટેલ | સભ્યશ્રી | સરીપડા | ૯૬૨૪૬ ૬૪૫૯૧ |
| ૧૯. | શ્રી નવીનતભાઇ ગોદડભાઇ ભૂટકા | સભ્યશ્રી | ગઢ | ૯૯૭૪૨ ૩૬૫૬૭ |
| ૨૦. | શ્રી પ્રવિણભાઇ શંકરભાઇ ગોવિંદા | સભ્યશ્રી | પટોસણ | ૯૯૯૮૫ ૮૮૪૩૯ |
| ૨૧. | શ્રી શંકરભાઇ કરશનભાઇ આંબાણી | સભ્યશ્રી | સલેમપુરા | ૯૭૨૪૧ ૩૩૬૯૧ |

# લેઉવા પાટીદાર સમાજ નો ઇતિહાસ...

**વતન અમારું વ્હાલું દવલું, ધન્ય ગુર્જરી પ્યારી.,**
**ખ્યાત આજે વિશ્વે ભાઈ, પટેલ પાડોશી ઉપકારી...**

સેંકડો વર્ષ પહેલા પંજાબના તક્ષશિલાની બાજુમાં પટેલોના પૂર્વજોએ મુશ્કેલીઓ વેઠી હતી. રાજ પરિવર્તન થયા પછી સ્થળાંતર કરીને તેઓ ગુજરાત વસ્યા હતા તેમણે જન્મભૂમિ તો છોડી પરંતુ સહજધર્મ,ભક્તિ,મહેનત,મજૂરી ન છોડ્યા. જ્યારે લેઉવા પાટીદાર એક બીજા ને મળે ત્યારે ફક્ત હાથ મિલાવવા ના બદલે હાથ થી હાથ મિલાવનારા.. ખભે થી ખભો મિલાવનાર મારા લેઉવા પાટીદાર.. આવી ખમીરવંતી, ખડતલ, મહેનતુ, સાહસિક, દરેક સમાજ ને સાથે રાખી ને ચાલનાર, ઘરેણ રાખનાર, ઉદાર અને ધાર્મિક અને ભક્તિભાવ વાળી કોમ એટલે લેઉવા પાટીદાર સમાજ.

**પાટીદાર :**

પાટીદાર શબ્દ હિંદીમાં 'પટ્ટિદાર' તરીકે વપરાય છે, જે અપભ્રંશ થઈ પત્તીદાર બન્યો. પત્તી અગર પાતી એટલી પાટી. ગુજરાતમાં 'પાતિ' શબ્દ પણ પ્રચલિત છે. પાટી એટલે જમીનનો ટુકડો, 'દાર' એટલે ધરાવનાર. જમીન ધરાવનાર એટલે પાટીદાર એવો પત્તીદાર શબ્દ ઉપરથી ગુજરાતમાં પાટીદાર શબ્દ થયો છે. આ ઉપરથી સમજી શકાય છે કે 'પાટીદાર' શબ્દ વ્યવસાય ઉપરથી આવ્યો છે અને પટેલ શબ્દ ખિતાબ કે પદવી ઉપરથી આવ્યો છે. સમય જતાં પાટીદાર શબ્દ લખવામાં લાંબો હોવાથી અને પટેલ શબ્દ માનસિક ખુમારી અને સૂરાતનનો ભાવ છુપાયેલો હોવાથી સમગ્ર પાટીદાર કોમે આજે પટેલ શબ્દ અપનાવી લીધો છે.

**પાટીદારોનું ગૌરવ :**

આજે ભાગ્યે જ એવું ગામ હશે કે જ્યાં કુર્મી પટેલની વસતિ નહીં હોય. સામાન્ય રીતે આ જ્ઞાતિના લોકો ખેતી તથા પશુપાલનમાં રોકાયેલા છે. વેપાર ધંધામાં પણ પટેલોની ફાવટ ઘણી સારી છે. આ સમગ્ર કોમ સમય અને સંજોગો પ્રમાણે વર્તી છે. યુદ્ધ ખેડવાનું હોય ત્યારે તે યુદ્ધ કરતી અને ખેતી કરવાની હોય ત્યારે ખેતી કરતી. પોતે જે વિસ્તારમાં ગઈ છે તે વિસ્તારમાં ખૂબ મહેનત અને મજૂરી કરીને પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. તે કદી વિકટ પરિસ્થિતિમાંયે પાછી પડી નથી. કુશળતા વાપરીને તેણે રસ્તા શોધ્યા છે. જેમ જેમ વાતાવરણ બદલાતું રહ્યું તેમ તેમ વાતાવરણને અનુકૂળ બનતી રહી છે. તેણે કોઈ જગ્યાએ અકારણ હુમલો કરીને કોઈનું પડાવી લીધુ હોય, લોકોની હત્યાઓ કે કતલ કરી હોય તેવા કિસ્સા જોવા મળતા નથી. પણ જ્યારે તેના ઉપર હુમલો થાય છે ત્યારે તેણે દૃઢતાથી તે હુમલાઓનો સામનો કરીને જીત મેળવી છે. હજારો વર્ષો સુધી આ જ્ઞાતિ નાના-મોટા જૂથોમાં ફરતી હતી, પણ જ્યાં જ્યાં શાંતિનો અનુભવ થયો ત્યાં તે વાસ પણ કરતી રહી છે. જ્યારે અસલામતી લાગે કે અશાંતિ થાય ત્યારે રસાલા સાથે બીજી સલામત જગ્યાએ તેઓ સ્થળાંતર કરતા. જૂના જમાનામાં આનર્ત પ્રદેશ યુદ્ધો વિનાનો, શાંતિવાળો પ્રદેશ હતો. સરસ્વતી જેવી પવિત્ર નદી ત્યાં હતી. જ્યારે કુળદેવી ઉમિયા માતાનું મંદિર આ વિસ્તારમાં બનાવાયું ત્યા એ તેઓ માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધાના કારણે આ વિસ્તારમાં કાયમ માટે રહ્યા. આજે પણ ગુજરાતમાં સૌથી વધારે કડવા કુર્મિઓની સંખ્યા ઉત્તર ગુજરાતમાં છે. ગુજરાતનાં ૧૮૦૦૦ ગામડાં પૈકી ભાગ્યે જ દસ ટકા એવાં ગામો હશે કે જ્યાં પાટીદાર ન હોય. ધરતીને ફાડીને કાચું સોનું પેદા કરનારા, અન્ય નાની મોટી કોમોને ગુજરાન ચલાવી આપનાર, જગતના આ તાતને ગુજરાતની ધરતી નાની પડી ત્યારે તેમણે દેશ-પરદેશ ખેડાણ કરી લીધું છે. આજે તો આફ્રિકા, યુરોપ તથા અમેરિકામાં બધાં જ મોટાં શહેરોમાં પાટીદારોની મોટી વસાહતો છે. સાહસ, સફરથી તેઓ કદી થાક્યા નથી. તમે ઉત્તર ધ્રુવ પૂરો કરીને છેક દક્ષિણ ધ્રુવ તરફ આવો. તો ન્યુઝીલેન્ડમાં પણ

# લેઉવા પાટીદાર સમાજ નો ઇતિહાસ...

પાટીદારો તો મળશે જ. વિશ્વના ખૂણેખૂણે પથરાયેલા પાટીદારોની વસતિ ગણતરી પણ શક્ય નથી કહે છે કે પાટીદારોની જીભ અન્ય લોકો કરતાં વધુ ધારદાર હોય છે, પરંતુ એમના હૃદયની સાઈઝ અન્ય માનવી કરતાં સહેજ મોટી આપી છે. એ કોઈના પર વારી જાય તો બસ, પાસા પોબાર અને પાછળ પડી જાય, તો જાન જાય તો ભલે જાય, પણ મમત ના છોડે, એનું નામ પાટીદાર.

હજારો વર્ષ પહેલાં પંજાબમાં આર્ય પ્રજાના ચારેય વર્ણની વસતિ ખૂબ વધી ગઈ જેથી કુર્મિઓને ખેડવા માટે અને પશુઓને ચરાવવા માટે જમીનની ખેંચ પડવા લાગી, તેથી કુર્મિ ક્ષત્રિયો પંજાબ છોડી ગંગા–જમનાના ફળદ્રુપ પ્રદેશમાં આવ્યા તેમાંના કેટલાક ટોળાં રાજસ્થાન અને આબુ પાસેના ભિન્ન માલ (શ્રીમાળ) સુધી આવ્યા. હાલમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં મુખ્ય વસ્તી કુમિ ક્ષત્રિયોની છે. આ પ્રદેશોમાં પણ પંજાબના લેયા પ્રદેશમાંથી આવેલા મિઓને ‘લોરકુર્મિ’ કહે છે અને કરડ પ્રદેશમાંથી આવેલાઓને ‘ખારીમિ’ કહે છે. રાજસ્થાનમાં પણ લોર મિઓને લોર–પટેલ અને ખારી મિઓને ખારી પટેલ કહે છે. આમ, ઉત્તર ભારતમાં વસતા લોર અને ખારી મિઓ તે ગુજરાતના આપણા લેઉઆ અને કડવા પાટીદારોના ભાઈઓ છે. તેમની વસતી ઉત્તર ભારતમાં દસ કરોડ જેટલી છે.

ગુજરાતના રાજવંશીઓ, રાજપૂતો, ક્ષત્રિયો (પાટીદારો) અસલ ક્ષત્રિય આર્ય પ્રજાના વંશજો છે. ગુજરાતના પાટીદારો આર્ય પ્રજામાંથી સીધા ઊતરી આવેલા છે. આ આર્ય પ્રજા મધ્ય એશિયામાં આયુ નદી પાસે પામીરના ઉચ્ચ પ્રદેશોમાં વસતી હતી. તેમાંથી સમયાંતરે આર્યોની બે ટોળીઓ જુદી જુદી બે દિશાઓમાં વહેંચાઇ ગઇ. એક ટોળી ઈરાન તરફ ગઈ અને ત્યાંથી યુરોપના દેશો તરફ ગઈ. બીજી ટોળી મધ્યપૂર્વ દેશો તરફ ગઈ. પામીરમાંથી છૂટી પડેલી આર્યોની એક ટોળી અફઘાનિસ્તાનમાં થઈ ખૈબરઘાટ દ્વારા હિંદુકુશ પર્વતમાળા ઓળંગીને, સિંધુ નદીના ફળદ્રુપ પટમાં આવીને વસવાટ કરવા લાગી. ત્યાંથી વિસ્તરતાં પંજાબ તથા ગંગા–જમનાના ફળદ્રુપ મેદાનોમાં જઈને તેઓ વસવાટ કરવા લાગ્યા. આર્યો મોટા પ્રવાહની માફક ભારતમાં આવ્યા ન હતા, પરંતુ તેમનું આગમન ધીરે ધીરે કેટલીક સદીઓ સુધી સતત ચાલતું રહ્યું હતું. ઢોરઢાંખર, સ્ત્રીઓ, બાળકો અને વપરાશી વસ્તુઓ સાથે ભારતમાં તેમણે પ્રવેશ કર્યો હતો. એ બતાવે છે કે હુમલાખોરોને બદલે શાંત વસાહતીઓ તરીકે ઠીકઠીક સમય સુધી તેમનું આવવાનું ચાલુ રહ્યું હતું.

**ગુજરાતમાં આગમન :**

ઈ.સ. પૂર્વે ૬૦૦ ના અરસામાં ઈરાનના સાયરસ, ડાયરસે અને ઈ.સ.પૂર્વે ૩૨૬ માં સિકંદરે પંજાબ પર ચડાઈ કરી. ઈ.સ. પૂર્વે ૩૦૦ પછી બલ્ક (બાકૂટિયા) લોકોએ પંજાબ પર ચડાઈ કરી. છેવટે તાતાર, શક અને હૂણોનાં ટોળાં પંજાબ પર ચડી આવ્યાં. પંજાબ પર થતાં અનેક આક્રમણોને લીધે કૃમિ પ્રજાને પંજાબ છોડવું પડયું. ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦ ની સાલમાં જે મિઓ એ પંજાબ છોડયું તેઓ રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને આનર્ત (વડનગર) સુધી આવી પહોચ્યા. આ કુર્મિઓ ક્રમે ક્રમે હાલના વડનગર, ઊંઝા, સિધ્ધપુર, પાટણવાડા, સૌરાષ્ટ્ર અને આખા ઉત્તર ગુજરાતમાં ફેલાયા. લોર કુર્મિઓ લેયા પ્રદેશમાંથી નીકળીને અજમેર, મારવાડ, ભિન્નમાલ અને હાલના પાટણવાડાના માર્ગે થઈ અફ્લાલય પ્રદેશમાં અડાલજ આવ્યા. ત્યાંથી તેઓ દસકોસ થઈ અનુક્રમે ચરોતર, ભાલ, વાકળ, અને કાનમ સુધી પહોંચી ગયા. ત્યાંથી કઠલાલ, કપડવંજ અને સવાલીના રસ્તે ચાંપાનેર સુધી ગયા. ચાંપાનેરનું પતન થતાં ત્યાંના લેઉઆ અને કડવા વડોદરા, ભરૂચ અને સુરત તથા વલસાડ સુધી પહોંચી ગયા. છેવટે તેઓ ગુજરાતના ગામડે ગામડે ફેલાયા.

**લવ અને કુશ :**

ભગવાન રામચંદ્રજીના બે પ્રતાપી પુત્રો લવ અને કુશ ઈ.સ. પૂર્વે ૨૦૦૦ ની સાલમાં પંજાબ પર ચડાઈ કરી હતી. ત્યાંના રાજાને હરાવીને ત્યાં લવના નામ પરથી લવકુટી નગરી (હાલના પાકિસ્તાનનું લાહોર) વસાવ્યું હતું. આ વિસ્તારમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યા બાદ ક્ષત્રિયો શાંતિથી ખેતી કરવા લાગ્યા હતા. લવ

# લેઉવા પાટીદાર સમાજ નો ઇતિહાસ...



અને કુશે જે જે પ્રદેશોમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યાં તે તે પ્રદેશો અનુક્રમે લેયા અને કરડ તરીકે ઓળખાયા. હાલના ગુજરાતના પાટીદારો આ સમયે પંજાબના લેયા અને કરડ પ્રદેશોમાં રહેતા હતા. અને [illegible]લેઆ પ્રદેશમાંથી આવેલા લેઉવા કહેવાયા. અને કરડ પ્રદેશ માંથી આવેલા કડવા કહેવાયા.

**પટેલ અને પાટીદાર કેમ કહેવાયા ? :**

પટેલ અને પાટીદાર બંને શબ્દો એક હોવાનું સામાન્ય રીતે ઘણા લોકો માને છે, પણ માન્યતા ખોટી છે. કણબી શબ્દ ઘણા પુરાણા કાળથી ચાલ્યો આવે છે. તેમ 'પટેલ' શબ્દ પણ એટલો જ જૂનો છે. પટેલ માટે મૂળ સંસ્કૃત 'પટ્ટલિક' છે. ગામમાં ખેતરોની જમીન અને ઘરથાળની જમીનના વેચાણ કે ગિરો દસ્તાવેજ થતા તેની એક નકલ ગામના મુખ્ય માણસ પાસે રહેતી. આ માણસો 'પટ્ટલિક' કહેવાતા. કારણ કે પટ્ટાઓ (પટ્ટ=વસ્ત્ર) ઉપરના લેખો સાચવવાની જવાબદારી એમની રહેતી. કણબીઓને વેચાણ કે ગિરો દસ્તાવેજ સાચવવાનું કામ રાજાઓ એટલા માટે સોંપતા હતા કે તેઓ પ્રામાણિક અને ઉદાર હતા. કોઈનું કદી હરામનું પડાવી ન લેવું, બીજાને મદદરૂપ બનવાની ભાવના રાખવી. ન્યાયની બાબતમાં સ્પષ્ટ કહેવું આ બધા જન્મજાત ગુણોને કારણે કણબીઓ તરફ બીજી જ્ઞાતિઓ આકર્ષાઇ હતી અને ગામનો વહીવટ હંમેશાં જયાં કણબીઓ હોય ત્યાં તેઓને સોંપાતો. આથી સંસ્કૃત 'પટ્ટલિક' ઉપરથી 'પટેલ' શબ્દ આવ્યો. વીર વિક્રમે હૂણ, શક પ્રજાને હરાવી હિંદુસ્તાન બહાર કાઢી મૂકી અને અવંતી (માળવા) નો પ્રદેશ ફળદ્રુપ બનાવવા પંજાબથી કુર્મીઓને ખાસ મળવા તેડાવ્યા, કારણ કે વિક્રમ રાજાને કુર્મી ઓની મહેનતકશ જીવનપ્રણાલી ઉપર વિશ્વાસ હતો. માળવામાં તેડાવી કુર્મી કુટુંબોનું સન્માન કર્યું. દરેકને યોગ્યતા પ્રમાણે નાનાં મોટાં ગામ વસાવવા આજ્ઞા કરી. રાજાએ ત્રણસો ગામોના કુર્મીઓને 'પટેલ' તરીકે પોતાની અટક લખાવવા લાગ્યા. માળવામાંથી ગુજરાતમાં પટેલો આવ્યા અને ગુજરાતમાં પણ આ અટક શરૂ થઈ. શરૂઆતમાં લેઉવા પાટીદાર સમાજ પોતપોતાના અલગ અલગ કુળદેવી માતા ને પૂજતા હતા. અમુક લોકો અડાલજ ખાતે આવેલ અન્નપૂર્ણા દેવી ને કુળદેવી માતા માનતા આવ્યા છે. જયારે પાટીદાર સમાજ ની એકતાની વાત આવી ત્યારે તમામ લેઉવા પાટીદાર સમાજ ખોડલધામ, કાગવડમાં માઁ ખોડલ ને આસ્થા અને કુળદેવી તરીકે પૂજે છે. તેથી ખોડલધામ, કાગવડ મુકામે આવેલ માઁ ખોડલ ને લેઉવા પાટીદાર સમાજની કુળદેવી તરીકે માનવામાં આવે છે.

આમ કુર્મી, કણબી, લોરી કુર્મી, ખારી કુર્મી, પાટીદાર, પાટીલ, પટેલ, લોર પટેલ, ખારી પટેલ જેવી કેટલીએ અટકો પટેલ જ્ઞાતિમાં આવે છે. અને લેઉવા પટેલ કોમ ખમીરવંતી, ખડતલ, મહેનતુ, સાહસિક, દરેક સમાજ ને સાથે રાખી ને ચાલનાર, ઘરેણ રાખનાર, ઉદાર અને ધાર્મિક અને ભક્તિભાવ વાળા હોય છે. દરેક સેવાના કામમાં પ્રથમ હરોળમાં ઉભા રહેનાર અને સેવાકીય પ્રવૃત્તિ આગેવાની લેનાર કોમ એટલે લેઉવા પાટીદાર કોમ. આમ આપણા સોળગામ લેઉવા પાટીદાર સમાજ માં ૭૧ લેઉવા પાટીદાર સમાજની પેટાજ્ઞાતિઓ આવેલી છે. અને મોટા ભાગના ગામોમાં કેળવણી સંકુલો આવેલ છે. દરેક સમાજને સાથે રાખીને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવામાં પણ સમાજ ક્યારેય પાછો પડતો નથી.


: સંકલનકર્તા :

દેવાભાઇ જીવરામભાઇ સાળવી (ગઢ)

વાલજીભાઇ શંકરભાઇ આંબાણી (દલવાડા)

વીરાભાઇ સોમાભાઇ સરીપડીયા (ગઢ)

રવિભાઇ માધાભાઇ મેણાત (મડાણા)

મહેન્દ્રભાઈ અમુભાઇ ગામી (દલવાડા)

# સોળગામ લેઉવા પાટીદાર સમાજની અટકો ગામમાં આવેલા ધાર્મિક સ્થળો

| ક્રમ | ગામનું નામ | ગામમાં વસતા સોળગામ લેઉવા પાટીદાર સમાજની અટકો | ગામમાં આવેલા ધાર્મિક સ્થળો |
|---|---|---|---|
| ૧ | મેસર | મેસરા, સાળવી, મેણાત, ગોઠી, વાંઢા, શેરપુરા, પાળજા, વ્હોરા, ગુંચળીયા, આંબાણી, ખાંભલ્યા, જગાણીયા, ભૂટકા, મોરવાડીયા, બાજરીયા, ડેરીયા, ફોસી, માતમડા, વડનગરા, બકરપરા, કાંકણેચા, લૂટ્યા, ઇલાસરીયા | બહુચર માતાનું મંદિર, મહાદેવનું મંદિર, મહાકાળી માતાનું મંદિર, ગોગા મહારાજનું મંદિર, સ્વામીનારાયણનું મંદિર સધી માતાનું મંદિર |
| ૨ | કાતરા | ગોઠી, ઘોડા, ભાલકીયા, ગવાડીયા, વડનગરા, બાજરીયા, ઢેઢું, ચેહરણીયા, આંટીયા, મોરવાડીયા, લાલોડીયા, ઇલાસરીયા, ફોસી | ગોપાલપુરી મહારાજનું મંદિર, રામાપીરદેવનું મંદિર, નર્મદેશ્વર મહાદેવનું મંદિર, હનુમાનદાદાનું મંદિર, ખોડિયાર માતાનું મંદિર, જોગણી માતાનું મંદિર, બ્રહ્માણી માતાનું મંદિર, ચામુંડા માતાનું મંદિર, સિકોતર માતાનું મંદિર, નરસુંગાવીરદાદાનું મંદિર, અંબાજી માતાનું મંદિર |
| ૩ | દલવાડા | ગામી, ભૂટકા, અંબાણી, વોરા, શેરપુરા, કાપડી, ઇલાસરીયા | અમરનાથ મહાદેવનું મંદિર, ચાચરેટ દાદાનું મંદિર, જોગણી માતાનું મંદિર, ખોડિયાર માતાનું મંદિર, રામાપીરનું મંદિર, ચામુંડા માતાનું મંદિર |
| ૪ | મડાણા | કાપડી, ડેરીયા, મેણાત, બ્રાહ્મણિયા, વોરા, સંખારીયા, ફોસી, ચંદ્રમણિયા, ભૂટકા, ગોઠી, હનાથ, સાણોદરિયા, ડાકા, કાંધોલ, આંટીયા, ચાંબડીયા, ગામી, ઘોડા, બકરપરા, ભરસાડીયા, ભાંડવા, રાંચી, ઢેઢું | સુખડીયા હનુમાનદાદાનું મંદિર, મહાદેવનું મંદિર, હિંગળાજ માતાનું મંદિર, ખોડિયાર માતાનું મંદિર, રામાપીરનું મંદિર, મહાકાળી માતાનું મંદિર, અંબાજી માતાનું મંદિર |
| ૫ | ગઢ | ગોઠી, સાળવી, ગામી, ભૂટકા, કોટડીયા, કાપડી, આંબાણી, આંટીયા, જગાણિયા, દેલાત, બાજરીયા, અઢવાણિયા, ખસેટીયા, થેભાત, ભરસાડિયા, ભાંડવા, માતમડા, મેણાત, મલ્લી રાવળ, લૂટ્યા, વોરા, શેરપુરા, સરીપડીયા, ડેરીયા | ખોડિયાર માતાનું મંદિર, રામજી મંદિર, ચામુંડા માતાનું મંદિર, નર્મદેશ્વર મહાદેવનું મંદિર, નાગણેશ્વરી માતાનું મંદિર,આકેશ્વર મહાદેવનું મંદિર રીંગણીયા મહાદેવનું મંદિર, દશામાનું મંદિર, હડકવાઇ માતાનું મંદિર, રામાપીરનું મંદિર, શીતળા માતાનું મંદિર, બ્રહ્માણી માતાનું મંદિર, અંબાજી માતાનું મંદિર, દૈદરા હનુમાનનું મંદિર, મહાકાળી માતાનું મંદિર, મામા બાવજીનું મંદિર |
| ૬ | સલ્લા | બ્રાહ્મણિયા, ઇલાસરીયા, કોટડીયા, વૈદ, સવાયા, વાંમેચા, વાંઢા, ખાંભલ્યા, ભૂટકા, આંબાણી, ખાંખણ, ડેરીયા, થેભાત, ફોસી, માતમડા, આંટીયા, ગામી, ખસેટીયા | અંબાજી માતાનું મંદિર, મહાદેવનું મંદિર, ગોગ મહારાજનું મંદિર, ગુરૂ મહારાજનું મંદિર, રામજી મંદિર, રામાપીરનું મંદિર, બહુચર માતાનું મંદિર, હનુમાનનું મંદિર, વીર મહારાજનું મંદિર, ખોડિયાર માતાનું મંદિર, જોગણી માતાનું મંદિર, ધુંધળીમલ મહારાજનું મંદિર |
| ૭ | સાસમ | સાળવી, મુજાત, અઘારા, ગોઠી, ઘોડા, વૈદ, કોટડીયા, ખેર, મજેળી, વડનગરા, આંટીયા, ઇલાસરીયા, ભડા | ગુરૂ મહારાજનું મંદિર, મહાકાળીનું મંદિર, રામાપીરનું મંદિર, ચામુંડા માતાનું મંદિર, ફુલેમાનું મંદિર, રામજી મંદિર, હનુમાનનું મંદિર, મહાદેવનું મંદિર |

## સોળગામ લેઉવા પાટીદાર સમાજની અટકો ગામમાં આવેલા ધાર્મિક સ્થળો

| ક્રમ | ગામનું નામ | ગામમાં વસતા સોળગામ લેઉવા પાટીદાર સમાજની અટકો | ગામમાં આવેલા ધાર્મિક સ્થળો |
|---|---|---|---|
| ૮ | પટોસણ | ફોસી, મુજાત, ભરસાડીયા, ગોવિંદા, કોટડીયા, ચંદ્રમણીયા | રામજી મંદિર, મહાદેવનું મંદિર, હનુમાનનું મંદિર, ગુરૂમહારાજનું મંદિર, શીતળા માતાનું મંદિર, ગોગ મહારાજનું મંદિર, રામાપીરનું મંદિર, બ્રહ્માણી માતાનું મંદિર, કાળકા માતાનું મંદિર, હડકાઇ માતાનું મંદિર |
| ૯ | ટાકરવાડા | માતમડા | કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર, ગુરૂ મહારાજનું મંદિર, બળદેવી માતાનું મંદિર, ચારણ માતાનું મંદિર, હનુમાન દાદાનું મંદિર, ચેલજી દાદાની સમાધિ, રામા ભગતની સમાધિ |
| ૧૦ | સરીપડા | સરીપડીયા, ઇલાસરીયા, આંબાણી | નારસુંગાવીર મહારાજનું મંદિર, મહાકાળી માતાનું મંદિર, ગુરૂમહારાજનું મંદિર |
| ૧૧ | ખસા | ઇલાસરીયા, બાણાવળી, ભરસાડીયા, આંટીયા, વૈદ | ઝાપડી માતાનું મંદિર, મહાદેવનું મંદિર, ગોગ મહારાજનું મંદિર, ગુરૂ મહારાજનું મંદિર, શક્તિ માતાનું મંદિર, રામાપીરનું મંદિર, ચામુંડા માતાનું મંદિર, હનુમાનનું મંદિર |
| ૧૨ | સલેમપુરા | મેણાત, કોટડીયા, આંબાણી, મણુંદરા | ગુરૂ મહારાજનું મંદિર, મહાદેવનું મંદિર, ચામુંડા માતાનું મંદિર, હનુમાનનું મંદિર, ગોગ મહારાજનું મંદિર |
| ૧૩ | કુંભાસણ | વાગડોદા, સાળવી, મેણાત, લૂટયા, મેસરા, ટોટી, મણુંદરા, ચંદ્રમણિયા | ભવાની માતાનું મંદિર, દૂધેશ્વર મહાદેવનું મંદિર, ગોગા મહારાજનું મંદિર, હનુમાનનું મંદિર |
| ૧૪ | સૂંઢા | ઢેઢું, ભાલકીયા, વ્હોરા, કોટડીયા, ચંદ્રમણિયા, આંટીયા, ભૂટકા, હનાથ | મહાદેવનું મંદિર, મહાકાળી માતાનું મંદિર |
| ૧૫ | કુંભલમેર | ઢેઢું, વાગડોદા, મોગા, મણુંદરા, પાળજા, કોટડીયા, તાતોસણિયા, ડાકા, ગોઠી, ફોસી | રખાઇ માતાનું મંદિર, મહાકાળી માતાનું મંદિર, ભવનાથ મહાદેવનું મંદિર, ગોગ મહારાજનું મંદિર, ભૈરવ દાદાનું મંદિર, અંબાજી માતાનું મંદિર, સિગોતર માતાનું મંદિર |
| ૧૬ | વેડંચા | ગામી, નવેરીયા, ડાકા, ફોસી, કોટડીયા, સવાયા, ઇલાસરીયા, આંટીયા, ખાંભલ્યા, સરીપડીયા, લૂટ્યા | મહાદેવનું મંદિર, અંબાજી માતાનું મંદિર, રામજી મંદિર, મહાકાળીનું મંદિર, દેવિયાઇ માતાનું મંદિર, ભૈરવદાદાનું મંદિર, હનુમાનનું મંદિર, ખોડિયાર માતાનું મંદિર, રામાપીરનું મંદિર |
| ૧૭ | ઇકબાલગઢ | ગામી, મેસરા, કાંધોલ, સાળવી, ફોસી, ઘોડા, ખાંખણ, ડાકા, કાંધોલ, ચંદ્રમણિયા, સવાયા, ચાંબડિયા, વડનગરા, મેણાત, આંબાણી, ગોઠી, ખાંભલ્યા, ભૂટકા, કોટડીયા, દેલાત, આંટીયા, બકરપરા, ગવાડીયા, ખેર, વાંઢા, ચેહણીયા, મજેળી, લાલોડીયા, ભરસાડીયા, કાપડી | રામજી મંદિર, વિશ્વેશ્વર મહાદેવનું મંદિર, મુનીમહારાજનો આશ્રમ, કેદારનાથ મહાદેવનું મંદિર, પંચમુખી હનુમાનનું મંદિર |
| ૧૮ | કીમ્બુવા વાગડોદ | કાપડી, ફોસી, મેણાત, ડાકા | મહાકાળી માતાનું મંદિર, દૂધેશ્વર મહાદેવનું મંદિર |

# લેઉવા પાટીદાર સમાજની લગ્નની સંપૂર્ણ વિધિ








**ગણેશ સ્થાપના :**

**સામગ્રી :** બાજોઠ, સફેદ કપડું, ગણપતિની મૂર્તિ, ખારેક, કળશ, ઝવેરા, કંકુ, ચોખા, જુવાર, અખંડ દીવો.

**વિધિ :**

લગ્નનની શુભ શરૂઆત ગણેશ સ્થાપનાથી થાય છે. બ્રાહ્મણ દ્વારા ઘરમાં ગણેશજીની સ્થાપના કરી માતા–પિતા તેમજ દીકરા/દીકરી પાસે ગણેશ સ્થાપનાની વિધિ કરવામાં આવે છે. ત્યારબાદ કુટુંબની પાંચ સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા ગણેશજીને વધાવવામાં આવે છે.

**લગ્ન લખવું :**

**સામગ્રી :** ૧ નાની કાચી સોપારી, ૧ હળદર, ૧ લગ્નનો કાગળ, નારાછડી, ૫ કાચી સોપારી, ૫ ખારેક, કંકાવટી, કંકુ, ચોખા, જાર ભરેલી કાંસાની થાળી.

કન્યા પક્ષના વડીલો માંડવા નીચે સાથે મળીને લગ્ન લખે. મહારાજ કુંડલી લખશે તેના ઉપર હળદરનો ગાંઠિયો, સોપારી અને પૈસા રાખીને નારાછડીથી બાંધશે. કંકુનો સાથિયો કરી ચાંદલો કરી ચોખા મૂકવા. એક થાળીમાં પાંચ ખારેક અને પાંચ સોપારી મૂકવી અને લગ્નનુ પડીકું મૂકવુ. આ લગનિયું કન્યા પક્ષે વધાવ્યા બાદ કન્યા પક્ષ વાળા તરફથી ગોર મહારાજ વરરાજાના ઘરે લગનિયું લઈને જાય છે. પછી મુહૂર્ત પ્રમાણે વરરાજાને ત્યાં લગન વધાવવામાં આવે છે.

**ઉકરડી માણેક સ્તંભ :**

**સામગ્રી :** ૨ કુલડી, પરણાયા, માણેક સ્તંભ, ૨ લીલા કપડા, ખીજડાનું લાકડું, સોપારી અને સિક્કો,

**ઉકરડી વિધિ :**

ઘરના જાંપા બહાર ખાડો ખોદી કુલડીમાં સિક્કો મૂકી ઉપર લીલું કપડું બાંધી તેને પૂંખવામાં આવે ત્યારબાદ ખાડો ખોદી દાટવામાં આવે છે.

**માણેક સ્તંભ વિધિ :**

ઘરના આંગણામાં એક ખૂણામાં કુલડી મૂકી તેમાં પાંચ છોકરાઓ દ્વારા બ્રાહ્મણના મંત્રોચ્ચાર સાથે માણેક સ્તંભ રોપી અને તેની સાથે ખીજડાનો લાકડાનો ટુકડો રોપવામાં આવે તેની આસપાસ જારની ઢગલી કરવામાં આવે અને પછી પૂંખવામાં આવે છે.

**જાન પ્રસ્થાન :**

**સામૈયુ :**

**સામગ્રી :** એક કળશ, ઝવેરાનું કોડિયું, થોડું શુદ્ધ પાણી

**વિધિ :**

વાજતે – ગાજતે સાજન – માજન સાથે વરરાજાની પધરામણી થાય છે. ત્યારે કન્યા પક્ષમાંથી વર પક્ષના સગાઓને આવકાર આપી અને સ્વાગત કરે છે. વર પક્ષમાંથી વરની ભાભી અને કાકીઓ માંડીઓ, ચંપલ, ચૂંદડી (સાડી) આપવા માટે કન્યાને ત્યાં આવે છે. ત્યાં તેઓને મોં મીઠું કરાવી આ બધી સામગ્રી કન્યાને પહેરાવવામાં આવે છે.

# લેઉવા પાટીદાર સમાજની લગ્નની સંપૂર્ણ વિધિ

**પોંખવાની વિધિ :**

વરરાજા તોરણે થાય ત્યારે કન્યા પક્ષમાંથી બધા વરને પૂંખવા આવે છે.કન્યાની માતા વરને પૂંખે છે અને નજર ઉતારે છે પછી વરરાજા સાસુનો છેડો પકડે અને સાસુજી લાગો આપે પછી છેડો છોડે છે. પછી તરબડીયાને ફોડીને વરરાજા અંદર પ્રવેશે છે.ત્યારે કન્યા પક્ષમાંથી કન્યા ફુલહાર માટે આવે છે. બંને વર કન્યા એકબીજાને હાર પહેરાવે છે. ત્યારબાદ વરરાજા ચોરીમાં પ્રવેશ કરે છે.

**હસ્તમેળાપ તથા લગ્ન વિધિ :**

અગ્નિની સાક્ષી એ વર કન્યાના હસ્ત મેળાપ થાય છે પછી ચોરીના ચાર ફેરા ફરે છે. કન્યાના ભાઈ જવ– તલ આપે છે. ત્યારબાદ કન્યાની માતા કંસાર જમાડે છે. ત્યારબાદ વર કન્યાને મંગળસૂત્ર પહેરાવે છે અને સેંથામાં સિંદુર પૂરે છે. છેલ્લે સપ્તપદીની વિધિ કરવામાં આવે છે.

લગ્ન થયા બાદ બે કન્યા પક્ષની અને બે વર પક્ષની બહેનો કન્યાને સૌભાગ્ય દેવા પધારે છે અને કન્યાના કાનમાં સુ:વચન કહે છે. ચોરીની વિધિ બાદ વર –કન્યા કન્યાના ઘરમાં ગણેશ સ્થાપના કરેલ છે. ત્યાં પગે લાગવા માટે જાય છે.

**પહેરામણી :**

વર પક્ષ અને કન્યા પક્ષના વડીલો સાથે બેસીને પહેરામણીનો વ્યવહાર કરે છે.

**મા માટલી( કન્યા વિદાય) :**

**સામગ્રી :**

તાંબા નું બેડું, સવાસેર વડી, પાપડ, સવા પાંચ રૂપિયા, લીલું કપડું, લામણ દીવો

**વિદાય :**

કન્યા પક્ષના બધા જ સગાસંબંધી કન્યાને મળીને આશીર્વાદ આપે છે અને ગાડી પાછળ લામણ દીવો લગાવી કન્યા વિદાય કરવામાં આવે છે. જતી વખતે ગાડીના ટાયરની નીચે શ્રીફળ મૂકી ગાડી સ્ટાર્ટ કરવામાં આવે છે.

**શ્વસુર ગૃહે :**

વરની માતા વર વધુની જોડીને પોંખીને વધાવે છે ત્યારે કન્યા તેની સાસુનો છેડો પકડે છે લાગો મળતા તે છેડો છોડે છે આ રીતે ગૃહ લક્ષ્મીનો ગૃહ પ્રવેશ કરાવે છે. ઘરમાં સ્થાપેલ ગણપતિના દર્શન કરાવે છે. તાંબાની કૂંડીમાં પાણી, કંકુ, સોપારી, સિક્કા, વીંટી વગેરે ભેગા કરીને વર કન્યાને વીંટી રમાડવાની વિધિ કરવામાં આવે છે. વર કન્યાને કુળદેવીના મંદિરમાં બ્રાહ્મણની હાજરીમાં સોટી રમાડી છેડા અને મીંઢળ છોડવામાં આવે છે.


પીનાબેન ડી. ડેરીયા (ગઢ)
તૃપ્તિબેન એસ. સાળવી (સાસમ)
ગીતાબેન જી. પટેલ (ઇકબાલગઢ)
અનિતાબેન એમ. પટેલ (ગઢ)






# લેઉવા પાટીદાર સમાજની લગ્નવિધિ



૧. વર જાન લઇને આવે ત્યારે છોકરીના ઘર આગળ બાંધેલા તોરણે વરના વધામણા  કરીને નજર ઉતારવામા આવે છે.

૨. વરને ચોરીમાં લાવવામાં આવે અને પૂર્વાભિમુખ ખુરશી આપી બેસાડવામાં આવે

૩. બ્રાહ્મણ દ્વારા વરરાજાના જમણા પગના અંગૂઠાનું પંચામૃત દ્વારા સ્વચ્છ પૂજન કરાવી કંકુ ચોખાથી પૂજન કરવામાં આવે છે.

૪. વર સામે આંતરપટ રાખી કન્યા પધારમણી કરવામાં આવે.

૫. કન્યાની પધરામણી પછી કન્યાની માતા દ્વારા કન્યાના જમણા પગના અંગૂઠાનું પંચામૃત દ્વારા પૂજન કરી આશીર્વાદ આપે છે.

૬. બન્નેને મીંઢળ બાંધવામાં આવે છે.

૭. નરાછડીની વરમાળા વર-વધુ બન્નેને બ્રાહ્મણ દ્વારા મંત્રોચ્ચાર દ્વારા પહેરવામાં આવે છે.

૮. હાથમાં નાગરવેલનું પાન, સિક્કા, કંકુ-ચોખા રાખી હસ્ત મેળાપ કરાવવામાં આવે છે.

૯. અંગન્યાસ પછી વર જળ સ્પર્શ કરે છે જમણા હાથમાં પાણી લઇને હાથ,નાડી, મોં, આંખ, કાન, અને નાભિને ચડાવે છે. આ વખતે વર જળદેવ મારા આ બધાં અંગોનું રક્ષણ કરો તેમ કહું છું.

૧૦. બ્રાહ્મણ દ્વારા વર-વધુના છેડા-છેડી બાંધી અગ્નિ અને પર્વતની સાક્ષીએ ફેરા ફેરવવામાં આવે છે. દરેક ફેરામાં અલગ અલગ દાન આપવામાં આવે છે. છેલ્લા ફેરામાં કન્યાદાન આપવામાં આવે છે.

૧૧. વર કન્યાના માથામાં સિંદુર પૂરી મંગળસૂત્ર પહેરાવે છે.

૧૨. કંસારની વિધિ.

૧૩. વર પક્ષના કુટુંબની સોભાગ્યવતી સ્ત્રીઓ નવવધુને કાનમાં અખંડ સોભાગ્યવતી કહે છે.

૧૪. સગા-સબંધી દ્વારા ભેટ સોગાદ આપી દહેજ ભરવાની વિધિ કરવામાં આવે છે.

૧૫. સપ્તપદી ઋષિઓની વિધિ કરાવવામાં આવે છે.

૧૬. વર કન્યા ગણેશજી અને કુળદેવીના દર્શન કરે છે.

૧૭. કન્યાવિદાય કરવામાં આવે છે.

૧૮. દીકરી સાસરે જાય ત્યારે સાસરિયામાં તેના પોંખણા કરી આવકારવામાં આવે છે.

૧૯. તાંબાની કૂંડીમાં પાણી, કંકુ, સોપારી, સિક્કા, વીંટી વગેરે ભેગા કરીને વર કન્યાને વીંટી રમાડવાની વિધિ કરવામાં આવે છે.

૨૦. વર કન્યાને કુળદેવીના મંદિરમાં બ્રાહ્મણની હાજરીમાં સોટી રમાડી છેડા અને મીંઢળ છોડવામાં આવે છે.

દક્ષાબેન એસ. પટેલ
પ્રતિક્ષાબેન જી. પટેલ
શ્રી કે.કે. ગોઠી હાઇસ્કૂલ

# લેઉવા પાટીદાર સમાજના જુના લગ્નગીતો

શુકન જોઈ ને સંચરજો રે
સામો મળ્યો છે જોશીડો રે,
જોશ જોઈ પાછો વળીયો, શુકન...
સામો મળ્યો છે માળીડો રે
ફૂલગજરા આપી પાછો વળીયો રે, શુકન...
સામો મળ્યો છે દોશીડો રે,
ચૂંદડી આપી પાછો વળીયો રે, શુકન...
સામો મળ્યો છે સોનીડો રે,
કડલાં આપી પાછો વળીયો રે, શુકન...
સામો મળ્યો છે મણીયારો રે,
ચુડલાં આપી પાછો વળીયો રે, શુકન...
જોઈશે લીલેરાશા વાના રે,
જડશે ગોકુળમાના કાના રે, શુકન...

કંકુ છાંટી કંકોતરી મોકલો
પહેલી લખજો ખોડલ માના ઘેર
કે પહોંચે ખોડલધામ ....કંકોતરી મોકલો
પહેલી લખજો અન્નપૂર્ણા માત
કે પહોંચે અડાલજ ગામ ....કંકોતરી મોકલો
બીજી લખજો મારા માડી જાયા વીર
કહેજો કે બેને જગ માંડ્યો
....કંકુ છાંટી કંકોતરી મોકલો
બધાં સગાં આવ્યાં ને વહાલાં આવશે
એક નાવ્યો મારો માડી જાયો વીર
મહિમા જગ માંડિયો
દિયર આવ્યા ને લાવ્યા વધામણી
ભાભી આવ્યા તમારા વીર.... મહિમા જગ માંડિયો
કંકુ છાંટી કંકોતરી મોકલો

લાડો લાડી જમે રે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે,
નાખે મહીં ઘી કેરી ધાર, કંસાર કેવો ગળ્યો લાગે રે,
લાડો લાડી જોડે એક ગાંઠ, અગ્નિની સાખે આજથી રે,
લાડો લાડી જમે રે...
સાસુજી શુભ સજીને શણગાર, પીરસવાને આવ્યાં રે,
ઘીની વાટકી સાકર તૈયાર થાળી ભરીને લાવ્યાં રે,
લાડો લાડી જમે રે...
રહેશું રાખી એક તમારો હાથ, માયાને મરજાદથી રે,
સુખે દુ:ખે રહેશું રંગ રોજ, એક જ અંગે નેહથી રે,
નવલો દે છે સામ સામો હાથ, જોડીને ગાંઠ દેહથી રે,
લાડો લાડી જમે રે...

હું તો થાળ ભરું રે શગ મોતિડે,
હું તો ખોડલમાને વધાવા જઇશ,
મારો સોના સરીખો સૂરજ ઉગિયો...
હું તો ભાઇ રે ક્યા ભાઇ તમને વિનવું,
હું તો ભાઇ રે રોહિતભાઇ તમને વિનવું,
તમારા ભાઇબંધો લેજો સાથ,
મારો સોના સરીખો સૂરજ ઉગિયો...
હું તો વહુ રે ક્યાં વહુ તમને વિનવું,
હું તો વહુ રે લતા વહુ તમને વિનવું,
તમારી બેનપણીઓ લેજો સાથ,
મારો સોના સરીખો સૂરજ ઉગિયો...

# લેઉવા પાટીદાર સમાજના જુના લગ્નગીતો

એક ભર રે જોબનિયામાં બેઠાં રમીબેન
દાદે હસીને બોલાવિયાં
કાં! કાં રે! દીકરી તમારી દેહ જ દૂબળી
આંખલડી છે જળે ભરી
નથી રે દાદા મારી દેહ જ દૂબળી
નથી રે આંખલડી જળે ભરી
એક ઉંચો તે વર ના જોશો રે દાદા
ઉંચો તે નિત્ય નેવાં ભાંગશે
એક નીચો તે વર ના જોશો રે દાદા
નીચો તે નિત્ય ઠેબે આવશે.
એક ઉજળો તે વર ના જોશો રે દાદા
ઉજળો તો જાત વખાણશે
એક કાળો તે વર ના જોશો રે દાદા
કાળો તે કુટુંબ લજાવશે
એક કેડે રે પાતળિયો ને મુખ રે શામળયો
તે મારી સહિયરે વખાણિયો
પાણી ભરતી પાણિઆરીએ વખાણ્યો
ભલો રે વખાણ્યો મારી ભાભીએ

મેં તો થાળ ભર્યો સગ મોતીડે
મેં તો થાળ ભર્યો રે સગ મોતીડે
મેં તો થાળ ભર્યો રે સગ મોતીડે તો
હું ગણેશ વધાવવાને જઈશ કે
મારો સોના સરીખો સૂરજ ઊગિયો...
વીરના દાદા..........તમને વીનવું
હું તો દીકરો પરણાવવાને જઈશ કે,
મારો સોના સરીખો સૂરજ ઊગિયો...
વીરના કાકા................તમને વીનવું,
હું તો હરખે કુટુંબ જમાડવાને જઈશ કે,
મારો સોના સરીખો સૂરજ ઊગિયો....
વીરના મામા ........... તમને વીનવું,
હું તો હરખે મોસાળું વહોરવાને જઈશ કે,
મારો સોના સરીખો સૂરજ ઊગિયો...
વીરના ભાઈ...............તમને વીનવું,
હું તો હરખે મારૃતિ વહોરી લાવીશ કે
મારો સોના સરીખો સૂરજ ઊગિયો...

લતાબેન રોહિતભાઇ ભૂટકા (મેસર)
શાન્તાબેન પ્રકાશભાઇ ગામી (દલવાડા)
ચેતનાબેન જીજ્ઞેશભાઇ ઇલાસરીયા (સરીપડા)




# જીવનના સોળ સંસ્કાર વિશે

'સંસ્કાર' શબ્દથી આપણે સારી રીતે પરિચિત છીએ જ. સામાન્ય રીતે 'સંસ્કાર', 'કુસંસ્કાર' જેવા શબ્દો આપણને સાંભળવા મળે છે. આપણે પણ આ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. સંસ્કાર શબ્દ આવે છે. સમ + કૃ પરથી. 'સમ' અર્થાત યોગ્ય કે સારું અને કૃ અર્થાત કરવું. સમગ્ર શબ્દનો અર્થ થાય છે – 'યોગ્ય બનાવવું', 'સારું કરવું'. 'સંસ્કાર' શબ્દનો અર્થ ઘણો જ ગહન અને વિસ્તૃત છે. આ શબ્દ દ્વારા આપણા મનમાં જે અર્થ અભિપ્રેત થાય છે, તે મુખ્યત્વે 'રીતભાત', 'વર્તણૂક' કે 'ટેવ' એવો થાય છે. 'સંસ્કાર', 'કુસંસ્કાર' આ શબ્દોથી તો આપણે પરિચિત પણ છીએ. આપણે સોળ સંસ્કારનો પણ ઉલ્લેખ ઘણીવાર સાંભળ્યો છે. આવો આજે આ સોળ સંસ્કારને જાણીએ.

**સોળ સંસ્કારો માટે વ્યાસ સ્મૃતિમાં એક શ્લોક છે :**

गर्भाधानं पुसवनं सीमन्तो जातकर्म च नामक्रिया

निष्क्रमणो अन्नप्राशनं वपनाक्रिया ।

कर्णवधो व्रतोदेशो वेदारंभक्रियाविधिः केशान्तः स्नानमुद्धोहो

विवाहग्नि परिग्रहः प्रेताग्निसंग्रहश्ये ति संस्कारोः षोडशः स्मृताः ।।

(૧) ગર્ભાધાન (૨) પુંસવન (૩) સીમંતોન્નયન (૪) જાતકર્મ (૫) નામકરણ (૬) નિષ્ક્રમણ (૭) અન્નપ્રાશન (૮) ચૌલકર્મ (૯) કર્ણવેધ (૧૦) ઉપનયન (૧૧) વેદારંભ (૧૨) સમાવર્તન (૧૩) લગ્ન (૧૪) વાનપ્રસ્થ (૧૫) સંન્યસ્ત (૧૬) અંત્યેષ્ટિ.

### (૧) ગર્ભાધાન :

માતાપિતા બનનારા દંપતિના શરીર, મન, બુદ્ધિ અને ચિત્તને તૈયાર કરનારા સંસ્કાર એટલે જ ગર્ભાધાન સંસ્કાર.

દાંપત્યજીવનનો એક ઉદ્દેશ્ય શ્રેષ્ઠ સંતતિ ઉત્પન્ન કરવાનો છે. સામાન્યતઃ સંતાન માતાપિતા જેવા જ બને એવી ધારણા છે, પરંતુ આપણી સંસ્કૃતિમાં આપણું સંતાન અને આપણાથી પણ શ્રેષ્ઠ બને એવો પ્રયત્ન કરવાનો છે. સંતાનમાં માતાપિતાના દુર્ગુણો અને દોષોનો નાશ થઈ જાય અને સદગુણોમાં વધારો થાય એ દ્રષ્ટિથી દંપતી માતાપિતા બને તે પહેલાં એમના શરીર અને મનને તૈયાર કરવાનાં છે. માતાપિતા બનનારાં દંપતીના શરીર, મન, બુદ્ધિ અને ચિત્તને તૈયાર કરનારા સંસ્કાર એટલે જ ગર્ભાધાન સંસ્કાર.

### (૨) પુંસવન :

સંતાનમાં પુરુષતત્વ પ્રાપ્તિ માટે કરવામાં આવતું કાર્ય.

ગર્ભધારણ નિશ્ચિત થયા પછી આ સંસ્કાર કરવામાં આવે છે. સર્વાંગી સ્વસ્થ માતાના ગર્ભાશયમાં ગર્ભનું સ્થાપન અર્થાત ગર્ભાધાન થયા પછી ગર્ભ ઉપર પુંસવન સંસ્કાર કરવામાં આવે છે. જે રીતે ગર્ભાધાન સંસ્કાર કરવાથી સ્ત્રીના દોષ દૂર થઈને તે ગર્ભાધાન માટે યોગ્ય બને છે એ રીતે પુંસવન સંસ્કાર માતાના માધ્યમથી ગર્ભસ્થ બાળક ઉપર કરવાથી તે ગર્ભ પણ દોષરહિત બને છે અને અનિષ્ટોથી બચે છે. શાસ્ત્રોમાં 'પુંસવન' સંસ્કારના શાબ્દિક અર્થની વ્યાખ્યા કરતાં વિદ્વાનોએ સંતાનમાં પુરુષત્વ પ્રાપ્તિ માટે કરવામાં આવતું કાર્ય માન્યું છે.

### (૩) સીમંતોન્નયન સંસ્કાર :

બે ભાગોને જોડતી સીમાનું બંધારણ.

શ્રીમંત નહીં, પરંતુ સીમંત સંસ્કાર છે. છઠ્ઠા મહિના સુધીમાં શિશુના બધા અંગો – પ્રભંગોનો વિકાસ થઈ જાય છે. માત્ર માથાના – બે ભાગનું જ બંધારણ બાકી રહે છે. આ બે ભાગોને જોડતી સીમાનું બંધારણ આ સમયે થાય છે. તેથી પણ આ સંસ્કારને સીમંતોન્નયન કહે છે.

### (૪) જાતકર્મ સંસ્કાર :

આ સંસ્કારમાં પ્રથમ વખત શિશુના મુખમાં શુદ્ધ ગાયનું ઘી અને મધ મૂકવામાં આવે છે.

આ સંસ્કાર શિશુના જન્મ સમયે, નાળછેદન પહેલાં થાય છે. આ પહેલાં ગર્ભાધાન, પુંસવન અને સીમંતોન્નયન સંસ્કાર થાય છે. આ સમયે શિશુ ગર્ભમાં હોય છે. આથી સંસ્કાર વિધિ માતા દ્વારા જ થાય છે. જાતકર્મ સંસ્કાર નવજાત શિશુ પર કરવામાં આવે છે. આ સંસ્કારમાં પ્રથમ વખત શિશુના મુખમાં શુદ્ધ ગાયનું ઘી અને મધ મૂકવામાં આવે છે. આ શ્રેષ્ઠ ઔષધિ ગણાય છે. આપણે તેને ગળથૂથી પણ કહીએ છીએ. આ સંસ્કારને મેધાજનન સંસ્કાર પણ કહે છે.

**(૫) નામકરણ સંસ્કાર :**

બાળકના નામની પ્રતિષ્ઠા પણ એક સંસ્કાર.

નામકરણ સંસ્કાર એટલે નવજાત શિશુનું નામ નિશ્ચિત કરવું. મનુષ્ય જન્મે છે ત્યારે તે પિંડ સ્વરૂપ જન્મે છે. તેનું કોઈ નામ હોતું નથી. નામનું મહત્ત્વ સ્વીકારીને પૂર્વજોએ એને સંસ્કારની શ્રેણીમાં રાખ્યું. વ્યક્તિનું નામ એની સાથે જીવનપર્યંત રહે છે. ખરેખર તો તે મૃત્યુ પછી પણ વર્ષો સુધી અને ક્યારેક સદીઓ સુધી રહે છે. જેમ મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા એક હિન્દુ ધાર્મિક સંસ્કાર છે, તે જ રીતે બાળકના નામની પ્રતિષ્ઠા પણ એક સંસ્કાર છે. સામાજિક વ્યવહારમાં એકબીજાની ઓળખ માટે નામની આવશ્યકતા છે. નિશ્ચિત સંબોધન કરી શકાય એ માટે નામકરણ આવશ્યક છે. બાળકની છઠ્ઠી કરવી એટલે આ સંસ્કારની વિધિ કરવી.

**(૬) નિષ્ક્રમણ સંસ્કાર :**

બાળકને પ્રકૃતિની ગોદમાં લઈ જઈને પ્રકૃતિની નિર્દોષતાનો અનુભવ કરાવવાનો સમય

નિષ્ક્રમણ એટલે બાળકને પ્રથમવાર કુમારાગારની બહાર લઈ જવું. જન્મ પછી બાળક કુમારાગારમાં જ રહે છે. આ સમયે નવજાત બાળક ઊંઘવાની અને દૂધ પીવાની આવશ્યક પ્રક્રિયા કરે છે. બાકીની દુનિયાની કોઈ સમજ નથી. એને હાથપગ હલાવતાં કે રમતાં આવડતું નથી. નવજાત બાળક ૨૨ કલાક ઊંઘે છે. આ સમયે બાળકનો તીવ્ર ગતિથી વિકાસ થાય છે. આથી એક મહિના સુધી બાળકને કુમારાગારમાં રાખવામાં આવે છે. આયુર્વેદમાં 'સુતીકાગાર' (મેટરનિટી વોર્ડ) અને 'કુમારાગાર' (પેડિયાટ્રિક વોર્ડ)નાં વર્ણનો છે. આથી કહેવાય છે કે સગાં–સંબંધીઓએ પણ બાળકને જોવા એક મહિના પછી આવવું જોઈએ. આથી નિષ્ક્રમણ સંસ્કાર સમયે જ બધા સગાં સંબંધીઓએ એકત્ર થવું જોઈએ. નવજાત બાળકને પ્રકૃતિની ગોદમાં લઈ જઈને પ્રકૃતિની નિર્દોષતાનો અનુભવ કરાવવાની દ્રષ્ટિએ આ સંસ્કાર કરવામાં આવે છે.

**(૭) અન્નપ્રાશન સંસ્કાર :**

નવજાત બાળકને પ્રથમ વાર અન્નગ્રહણ કરાવવામાં આવે, એ પ્રક્રિયાને અન્નપ્રાશન સંસ્કાર કહે છે.

અન્ન મનુષ્યશરીરના નિર્વાહનું અનિવાર્ય તત્ત્વ છે. નવજાત બાળકને પ્રથમ વાર અન્નગ્રહણ કરાવવામાં આવે, એ પ્રક્રિયાને અન્નપ્રાશન સંસ્કાર કહે છે. જન્મ પછી છઠ્ઠા મહિને આ સંસ્કાર કરવામાં આવે છે. શાસ્ત્રમાં અન્નને બ્રહ્મ સ્વરૂપ માનવામાં આવ્યું છે. 'अन्न एवं ब्रह्म', 'जैसा अन्न, वैसा मन,' આવાં સૂત્રો દ્વારા અન્નનું મહત્ત્વ સમજાય છે. અન્ન ખાવાની પ્રક્રિયાને આપણે ભોજન કહીએ છીએ. ભોજન આપણે માટે સંસ્કાર છે. અન્ન માત્ર શરીરનિર્વાહ માટે જ નહીં, પરંતુ શ્રેષ્ઠ વિચારોનું સર્જન પણ કરે છે. જેવું ભોજન તેવા વિચાર, જેવા વિચાર તેવું કાર્ય. આથી આપણે ત્યાં અન્ન ગ્રહણ કરવાની પ્રક્રિયાને પણ સંસ્કાર કહે છે.

**(૮) કર્ણવેધ સંસ્કાર :**

જન્મ પછી એક વર્ષ બાદ કાન વીંધવાની પ્રક્રિયા.

આપણે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીરામ અને અન્ય રાજાઓના ચિત્રો જોઈએ છીએ ત્યારે એમના કાનમાં કુંડળ અવશ્ય જોવા મળે છે. આ રીતે સ્ત્રીઓના કાનમાં પણ સુંદર આભુષણ જોવા મળે છે. વર્તમાનમાં પણ મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા રાજ્યોમાં પુરુષો પણ કાન વીંધાવે છે. જન્મ પછી એક વર્ષ બાદ કાન વીંધવાની પ્રક્રિયાને કર્ણવેધ સંસ્કાર કહે છે.

**(૯) ચૌલકર્મ સંસ્કાર :**

બાળકની પહેલીવાર મુંડન કરવાની પ્રક્રિયા.

ચૌલ સંસ્કારને ચૂડાકરમ સંસ્કાર પણ કહે છે. ચૂડા એટલે માથાના વાળનો સમૂહ. બાળકના જન્મ પછી માથાના બધા વાળ પ્રથમ વખત દૂર કરવામાં આવે છે. આ રીતે મુંડન કરવાની પ્રક્રિયાને ચૌલ સંસ્કાર કહે છે. આયુર્વેદ મતાનુસાર આ સંસ્કાર ત્રીજા વર્ષે કરવામાં આવે છે. વર્તમાનમાં પણ આ સંસ્કાર પ્રચલિત છે. એ માટે મુંડન કરાવવું કે વાળ ઉતારવા જેવા શબ્દો પ્રચલિત છે.

**(૧૦) ઉપનયન સંસ્કાર :**

હવે બાળક ગુરૂ પાસે જાય છે.

ભારતીય જીવનપદ્ધતિમાં જ્ઞાનની પ્રધાનતાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઉપનો અર્થ છે પાસે અને નયનનો અર્થ છે લઈ જવું. આમ ઉપનયનનો શાબ્દિક અર્થ થાય છે પાસે કે નજીક લઈ જવું. ઉપનયન એટલે વિદ્યાર્થીને ગુરુ

પાસે લઈ જવો. અત્યાર સુધી બાળકનો વિકાસ માતા-પિતા અને પરિવારમાં થયો. હવે બાકીનું ઘડતર ગુરુ દ્વારા આધ્યાત્મિક સ્તર પર થાય છે. બાળકની સુષુપ્ત આધ્યાત્મિક શક્તિઓને સુનિશ્ચિત દિશામાં લઈ જવાનું કાર્ય ગુરુ કરે છે. આ સંસ્કાર સાત વર્ષની વયે કરવામાં આવે છે.

**(૧૧) વેદારંભ સંસ્કાર :**

શિષ્યના વિકાસની દિશા નિશ્ચિત થાય છે.

ઉપનયન સંસ્કાર પછી ગુરુ શિષ્યને આશ્રમમાં લઈ જઈ ત્રણ દિવસ પોતાની પાસે રાખતા હતા. શિષ્ય ગુરુનો અંતેવાસી કહેવાતો હતો. ગુરુની નજીક રહેવાથી ગુરુ, શિષ્યના વ્યક્તિત્વને સારી રીતે ઓળખે છે. શિષ્યના વિકાસની દિશા નિશ્ચિત કરવામાં આવે છે. ખરેખર, શિષ્યના સત્ત્વગુણનું ઉત્થાન, રજોગુણનું નિયંત્રણ અને તમોગુણનું વિસર્જન કરવાનું કાર્ય ગુરુ કરતા હતા.

**(૧૨) સમાવર્તન સંસ્કાર :**

ગુરુના આશ્રમમાંથી સ્વગૃહે જતી વખતે 'સમાવર્તન સંસ્કાર' થતા હતા.

શિષ્ય ગુરુકુળમાં ચાર વેદોનું અધ્યયન કરતો હતો. ચાર વેદોમાંથી એક વેદમાં નિષ્ણાત બનવાનું, બાકીના ત્રણ વેદોનું થોડું થોડું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવતું હતું. પ્રથમ બાર વર્ષમાં એક વેદનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું. બાકીના વર્ષોમાં અન્ય ત્રણ વેદ તથા વિવિધ ધર્મશાસ્ત્રોનું અધ્યયન થતું હતું. આ રીતે ૨૫ વર્ષ પૂરાં કરીને શિષ્ય ગુરુના આશ્રમમાંથી સ્વગૃહે આવતો હતો. પછી તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો હતો. ગુરુના આશ્રમમાંથી સ્વગૃહે જતી વખતે 'સમાવર્તન સંસ્કાર' થતા હતા. એને દીક્ષાંત સંસ્કાર પણ કહેવામાં આવે છે. વર્તમાનમાં પણ કોલેજ અભ્યાસ પૂર્ણ કર્યા પછી પ્રમાણપત્ર વિતરણ માટે પદવીદાન સમારંભ થાય છે, પરંતુ પદવીદાન સમારંભ અને સમાવર્તન સંસ્કારમાં ઘણો ફેર છે. સમાવર્તન સંસ્કાર એટલે કે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે ગુરુ દ્વારા આપવામાં આવતી દીક્ષા છે. સ્નાતક એટલે શિષ્ય પોતાના દુર્ગુણ સ્વરૂપ બધી મિલનતા ધોઈને શુદ્ધ કરવી.

**(૧૩) લગ્ન સંસ્કાર :**

વિવાહ સામાજિક ઉત્તરદાયિત્વ છે.

વિવાહનો અર્થ થાય છે વિશેષ રુપે વહન કરવું. સ્ત્રીપુરુષ સ્વેચ્છાએ પરસ્પર જોડાય છે. પુરુષ પ્રેમપૂર્વક સ્ત્રીને પોતાને ત્યાં લઈ જઈને એની જવાબદારી સંભાળે છે. આ પ્રક્રિયાને 'વિવાહ સંસ્કાર' કહે છે. વિવાહ સામાજિક ઉત્તરદાયિત્વ છે. વિવાહ દ્વારા સંતાનોત્પત્તિ કરવી અને સંસ્કૃતિની ગૌરવશાળી પરંપરાને જાળવી રાખવાની નૈસર્ગિક પ્રક્રિયા એટલે વિવાહ સંસ્કાર.

**(૧૪) વાનપ્રસ્થ સંસ્કાર :**

૫૦ વર્ષ પૂર્ણ થતાં વાનપ્રસ્થ આશ્રમનો પ્રારંભ થાય છે.

૨૫ વર્ષનો ગૃહસ્થાશ્રમ પછી ૫૦ વર્ષ પૂર્ણ થતાં વાનપ્રસ્થ આશ્રમનો પ્રારંભ થાય છે. આ સમય દરમિયાન મધુરતા, કામેચ્છાપૂર્તિ, આનંદ-પ્રમોદ, બાળકોનું નિર્માણ કર્યા પછી પચાસમાં વર્ષે વાનપ્રસ્થ સંસ્કારના માધ્યમથી જીવનદષ્ટિમાં પરિવર્તન આવે છે.

**(૧૫) સંન્યસ્ત સંસ્કાર :**

સેવાકાર્ય કરવાનો સમય.

વાનપ્રસ્થ જીવનમાં સેવાકાર્ય કરવાથી જીવન નિરોગી બને છે અને શરીર પાતળું દેખાય છે. શ્રી પાંડુરંગ દાદાએ કહ્યું છે કે, જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા પછી માત્ર ઉંમરમાં વૃદ્ધિ થઈ હોય, જ્ઞાનમાં નહીં, જે મનુષ્યનું આ પ્રકારનું જીવન છે તે પશુ સમાન છે. વાસના છોડીને વસુદેવમાં નહીં જોડાય, એનું જીવન વ્યર્થ છે.

**(૧૬) અંત્યેષ્ટિ સંસ્કાર :**

જીવનનો અંતિમ અધ્યાય.

મૃત્યુ શબ્દ સંસારના મનુષ્યોને ડરાવતો શબ્દ છે, પરંતુ મૃત્યુ અમંગળ નથી. શ્રીમદ્ ભગવદ્ગીતામાં બતાવ્યું છે કે સર્વના સંહારક મૃત્યુ અને ભવિષ્યમાં થનારા જન્મની ઉત્પત્તિનું કારણ હું (સ્વયં ભગવાન) છું. હિંદુઓના જીવનનો અંતિમ સંસ્કાર અંત્યેષ્ટી છે, જેની સાથે એના આ ઐહિક જીવનનો અંતિમ અધ્યાય પૂરો થાય છે.

મહેશભાઇ આર. પટેલ
આચાર્ય, સાળવી પ્રાથમિક શાળા

ભીખાભાઇ ઉજાભાઇ વોરા
આચાર્ય, મડાણા પ્રાથમિક શાળા

# જીવનના સોળ સંસ્કાર વિશે

સાચી શાસ્ત્રીય વિધિ અંતિમસંસ્કારની અગ્નિદાહ, જલાંજલિ આપ્યા બાદ રુદન કરવું ન જોઈએ અન્યથા મૃતકને સગાંસંબંધીઓનાં આંસુ અને કફનું પાન કરવું પડે છે.

લગ્ન, ગૃહપ્રવેશ, નોકરી-ધંધાનો આરંભ મહદ અંશે શાસ્ત્ર અનુસાર, શુભ મુહૂર્તમાં, વિધિપૂર્વક કરવામાં આવતાં હોય છે, પરંતુ સોળ સંસ્કારોમાં અંતિમસંસ્કાર ભાગ્યે જ વિધિપૂર્વક શાસ્ત્ર સંમત રીતે કરવામાં આવે છે. ભવ્ય સ્મશાનયાત્રા, ભવ્ય પ્રાર્થનાસભા, ભજન સંધ્યાનું ખર્ચાળ આયોજન મૃતક પાછળ કરવામાં આવે છે પણ જે મૃતકની સદગતિ માટે આવશ્યક છે તે શાસ્ત્રીય વિધિ અનુસાર અંતિમસંસ્કાર કરવામાં આવતા નથી. આજે અંતિમસંસ્કારની શાસ્ત્રીય વિધિનો પરિચય મેળવીશું.

અંતિમસંસ્કાર બે પ્રકારે કરવામાં આવે છે, જ્યારે મૃત શરીર હોય અને જ્યારે મૃત શરીર ઉપલબ્ધ ન હોય. આજે મૃત શરીર ઉપલબ્ધ હોય તો તેના વિધિપૂર્વક અંતિમસંસ્કાર કેવી રીતે કરવા જોઈએ તેનો વિચાર કરીશું.

કોઈ પણ વ્યક્તિ મરણ પામે તો મૃતકના પુત્ર કે પૌત્રે કાંધ આપવી જોઈએ એટલે મૃતકની ઠાઠડી ખભે ઊંચકવી જોઈએ. શારીરિક સક્ષમતા ન હોય તો પાંચ ડગલાં પણ ખભે ઠાઠડી ઊંચકીને ચાલવું જોઈએ.

વ્યક્તિ મરણ પામે ત્યારે સૌ પ્રથમ ગાયના છાણથી ભૂમિને લીંપવી જોઈએ. પાણીથી લીંપેલા ભાગને રેખાંકિત કરવો જોઈએ. લીપેલા ભાગ પર તલ, ડાભ - દર્ભ પાથરવા જોઈએ અને તેની પર મૃતકનું શરીર ગોઠવવું જોઈએ. ત્યાર બાદ મૃતકના મુખમાં સુવર્ણ, તુલસીદળ, ગંગાજળ નાખવાં જોઈએ. સુવર્ણ મુખમાં નાખવાની આર્થિક ક્ષમતા ન હોય તો તુલસીદળ - ગંગાજળ તો નાખવાં જ જોઈએ. બાજુમાં ઘીનો દીવો પ્રગટાવવો જોઈએ.

આ પ્રમાણે શાસ્ત્રીય વિધિ પ્રમાણે મૃતકના શરીરને ગોઠવવામાં આવે તો વ્યક્તિને અન્ય યોનિ-જન્મ લેવામાં સરળતા રહે છે અન્યથા વાયુલોકમાં તેનો આત્મા ભટકતો રહે છે, તેવું શાસ્ત્રનું કથન છે. મૃતકના બન્ને હાથમાં પણ ડાભ મૂકવા જોઈએ, આવું કરવાથી મૃતકને વૈકુંઠ પ્રાપ્ત થાય છે, તેવું શાસ્ત્રનું કથન છે.

વ્યક્તિ મરણ પામે ત્યારે કુટુંબીજનોએ પોતે સ્નાન કરીને મૃતકના શરીરને પણ નવડાવવું જોઈએ, માત્ર ભીના વસ્ત્રથી લૂછવામાં આવે તો ન ચાલે મૃતકના શરીરને નવાં કોરાં વસ્ત્ર ધારણ કરાવવાં અને અંગ પર ચંદનનો લેપ કરવો જોઈએ. અંતિમસંસ્કારમાં છ પિંડ આપવામાં આવે છે. પહેલો પિંડ મૃત્યુ સ્થાન પર, બીજો પિંડ ઘરના મુખ્ય દરવાજા પર, ત્રીજો પિંડ ચાર રસ્તા આગળ, ચોથો પિંડ વિશ્રામસ્થાન પર, પાંચમો પિંડ ચિતા પર અને છઠ્ઠો પિંડ અસ્થિ ભેગી કરવામાં આવે ત્યારે આપવામાં આવે છે.

મૃતકના શરીરને શબવાહિની મારફત સગાં-સંબંધી - મિત્રો સાથે સ્મશાન ઘાટ લઈ જવું જોઈએ. ઘરથી સ્મશાન ઘાટ તરફ પ્રયાણ કરતી વખતે 'રામ બોલો ભાઈ રામ' સતત બોલતા રહેવું જોઈએ. સ્મશાનયાત્રા તથા દાહ સંસ્કાર વિધિ દરમિયાન ટોળાં-ટપ્પા-મજાક-મશ્કરી કરવી જોઈએ નહીં, યથા સંભવ ઈષ્ટદેવનું નામસ્મરણ કરતા રહેવું જોઈએ. મૃતકના શરીરને સ્મશાનભૂમિ પર દક્ષિણ દિશામાં માથું કરીને ગોઠવવું જોઈએ. અગ્નિસંસ્કાર માટે સગા-સંબંધીઓએ ઘાસ, લાકડા, તલ, ઘી લઈને જવું જોઈએ. પરંતુ દાહ સંસ્કાર માટેની સામગ્રી લાકડાં, વગેરે કદી પણ મફતમાં લેવાં જોઈએ નહીં. મફત મળતાં હોય તો દાનમાં કિંમત ચૂકવી દેવી જોઈએ.

અગ્નિસંસ્કાર કરતાં પહેલાં મૃતકના શરીરને સ્વચ્છ જમીન પર ગોઠવવું જોઈએ. અન્ય કોઈના દાહ સંસ્કારની રાખ, હાડકાં પડ્યાં હોય તેના પર દાહ સંસ્કાર કરવા જોઈએ નહીં. અગ્નિસંસ્કાર માટે લાવવામાં આવેલા અગ્નિને પણ સ્વચ્છ ભૂમિ પર સ્થાપિત કરવી જોઈએ. શબને ચિતા પર મૂકીને આગ ચાંપ્યા બાદ અડધું શરીર બળી જાય ત્યાર બાદ તલ મિશ્રિત ઘીની આહુતિ આપવી જોઈએ. ત્યાર બાદ સગાં-સંબંધીઓએ રુદન કરવું જોઈએ. આમ કરવાથી મૃતકના આત્માને પરમ શાંતિ મળે છે, તેવો શાસ્ત્રનો મત છે.

અગ્નિસંસ્કાર કર્યા બાદ દૂધ-જળથી ચિતા શાંત કરીને અસ્થિ ભેગાં કરવાં જોઈએ. ત્યાર બાદ સગા-સંબંધીઓએ વસ્ત્ર સહિત સ્નાન કરવું જોઈએ. સ્નાન કર્યા બાદ મૃતકના આત્માની શાંતિ અર્થે તલ મિશ્રિત જળથી અંજલિ આપવી જોઈએ. અગ્નિસંસ્કાર - શબદાહ, જલાંજલિ બાદ કોઈએ પણ રુદન કરવું જોઈએ નહીં. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે આ સમયે રુદન કરવાથી મૃતકને સંગા-સંબંધીઓનાં આંસુ અને કફનું પાન કરવું પડે છે. ઘરે પહોંચીને લીમડા પાંદડા ચાવીને કોગળા કરવા જોઈએ. વૈદ કાળમાં મૃતકનું શરીર બળતું હોય ત્યારે હવન કરવામાં' આવતો હતો. આજે પણ ગાયત્રી પરિવાર કે આર્યસમાજના કાર્યકરો આ પ્રકારની વિધિ સંપન કરી આપે છે.

પ્રકાશભાઇ વાલજીભાઇ ગામી
ઉપપ્રમુખ

# આપણા તહેવારો, આપણી સંસ્કૃતિ

- **મકરસંક્રાંતિ (ઉતરાયણ) :** ઊડે ઊડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ. ૧૪ મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલાવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે. આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને 'ઉત્તરાયણ' પણ કહે છે. આ દિવસે દાન આપવાનું વિશેષ મહત્વ છે.
- **મહાશિવરાત્રિ :** હિન્દુ ધર્મના પ્રમુખ દેવતા મહાદેવ શિવજીના પ્રાગટ્ય દિન તરીકે મહાશિવરાત્રીને ઉજવવામાં આવે છે. આ તહેવાર મહા મહિનાની કૃષ્ણ પક્ષની તેરસના દિવસે ઉજવાય છે. આ દિવસે વિશેષ સામગ્રી દ્વારા શિવજીને અભિષેક કરવામાં આવે છે.
- **વસંત પંચમી :** વસંત પંચમીના દિવસે જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી દેવીનો જન્મ થયો હતો. તેથી આ દિવસે દેવી સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવે છે. વસંત પંચમી પર આપણા ધાન્ય જેવા કે, ઘઉં, ચણા, જવ વગેરે તૈયાર થઈ જાય છે. તેથી તેની ખુશીમાં આપણે વસંત પંચમીનો તહેવાર ઉજવીએ છીએ. બાળકો એ દિવસે સરસ્વતી માતાની પૂજા અર્ચના કરે છે.
- **હોળી-ધૂળેટી :** હોળીના દિવસે લોકો ઉપવાસ કરે છે. શેરીએ શેરીએ લોકો લાકડાં અને છાણાં ભેગાં કરે છે. ચોકમાં હોળી તૈયાર કરવામાં આવે છે. સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો ધાણી વડે હોળીની પૂજા કરે છે. હોળી ના દિવસે લોકો હોળીની પ્રદક્ષિણા કરીને હોળી માતાને ખજૂર, ધાણી, શ્રીફળ હોમે છે. હોળીનો બીજો દિવસ 'ધૂળેટી' તરીકે ઓળખાય છે. આ દિવસે લોકો એકબીજા પર રંગ અને ગુલાલ છાંટી આનંદ મનાવે છે.
- **ગુડી પડવો :** ગુડી પડવો એટલે સૃષ્ટિનો જન્મદિવસ. આ દિવસે બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી હતી. આ દિવસથી વિક્રમ સંવતની શુભ શરૂઆત થઈ હતી.
- **ચૈત્રી નવરાત્રી :** નવરાત્રી હિંદુઓનો ધાર્મિક તહેવાર છે. સંસ્કૃત ભાષામાં 'નવરાત્રી' નો શબ્દશ□ અર્થ 'નવ રાત્રીઓનો સમૂહ' એવો થાય છે. નવરાત્રીની આ નવ રાત્રીઓ અને દસ દિવસો દરમિયાન મા શકિતના વિવિધ નવ સ્વરૂપોની પૂજા અને આરાધના કરવામાં આવે છે.
- **રામનવમી :** ચૈત્ર સુદ નોમને રામનવમી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન રામનો જન્મ થયો હતો ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ ગણાય છે. રામનવમીનું મહાત્મ્ય અનેરુ, અનોખું અને અદ્વિતીય છે.
- **હનુમાન જયંતી :** હનુમાન જયંતી એ ભારતીય ઉપખંડમાં ઉજવવામાં આવતો હિંદુ ધર્મના લોકોનો મહત્વનો તહેવાર છે. આ પર્વ ભારતમાં વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ પૂનમના રોજ મનાવવામાં આવે છે. આ શુભ દિવસે હનુમાનજીનો જન્મોત્સવ મનાવવામાં આવે છે.
- **અખાત્રીજ :** વૈશાખ સુદ ત્રીજ ને અક્ષય તૃતિયા કહેવાય છે. અક્ષય એટલે અતૂટ કદી ભાંગે નહીં અને કદી ખૂટે નહીં. ક્ષય ન થાય એવું પણ કહેવાય. માટે આ દિવસના જે કાર્ય થાય એ અતૂટ રહે છે. દાન ધર્મ કે સુકર્મ નું આ દિવસે અધિક ફળ મળે છે.
- **રથયાત્રા :** રથયાત્રા ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો એક હિંદુ તહેવાર છે, જે ભારતભરમાં ગુજરાતી પંચાંગ પ્રમાણે અષાઢ સુદ બીજને દિવસે મનાવવામાં આવે છે. ભગવાન જગન્નાથનું મૂળ મંદિર ઓરિસ્સાનાં જગન્નાથ પુરી શહેરમાં આવેલું છે. દરરોજ ભકતોએ ભગવાનનાં દર્શન કરવા ભગવાન પાસે જવું પડે છે, પરંતુ રથયાત્રાનાં દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભકતો પાસે જાય છે.
- **ગુરુ પૂર્ણિમા :** ગુરુ પૂર્ણિમા, જે દક્ષિણાયણ અથવા ગ્રીષ્મસંક્રાંતિ પહેલી પૂનમે આવે છે. આ તહેવાર આદિ ગુરુ અથવા પ્રથમ ગુરુ, શિવ અથવા સપ્તઋષિઓના યોગ અને તેમના પ્રથમ સાત શિષ્યોની યાદમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે.
- **રક્ષાબંધન :** રક્ષાબંધન એ ભાઈ - બહેનોના પવિત્ર પ્રેમનું પ્રતિક છે. આની જેમ, ભારતમાં ભાઈ-બહેનોમાં પ્રેમ અને ફરજની ભૂમિકા વ્યકત કરવાનો એક દિવસ નથી. પરંતુ રક્ષાબંધનના ઐતિહાસિક અને ધાર્મિક મહત્વને લીધે આ દિવસ ખૂબ મહત્વનો બની ગયો. તે દિવસે બહેન ભાઇને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઈ ખવડાવે છે. ભાઇ બહેનને ભેટ આપે છે. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે.

# આપણા તહેવારો, આપણી સંસ્કૃતિ

- **જન્માષ્ટમી :** શ્રીકૃષ્ણના જન્મદિવસને જન્માષ્ટમી તહેવારના રૂપમાં ઉજવાય છે. શ્રાવણ વદ આઠમ (કૃષ્ણ પક્ષ) તિથિ જન્માષ્ટમી નિમિત્તે, ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે. જન્માષ્મીની રાત્રે ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેથી રાત્રે ૧૨ વાગ્યે મંદિર અને ઘરોમાં લોકો શ્રીકૃષ્ણનો અભિષેક, પૂજન, આરતી તેમજ 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી' જેવી ધૂન બોલી ભગવાનનો જન્મોત્સવ ઉજવે છે.
- **ગણેશ ચતુર્થી :** શિવ અને પાર્વતી ના પુત્ર શ્રી ગણેશજીના જન્મદિવસ તરીકે ગણેશ ચતુર્થી મનાવવામાં આવે છે. ગણેશ ચતુર્થી ને 'વિનાયક ચતુર્થી' પણ કહેવામાં આવે છે. ગણેશ ચતુર્થી અગિયાર દિવસનો તહેવાર છે તેમજ તેમને મોદક અને દુર્વા અર્પણ કરવામાં આવે છે. ગણેશ ચતુર્થી બાળકોનો પ્રિય તહેવાર ગણાય છે. ગણેશજીના આગમનથી બાળકો આનંદમાં આવી જાય છે.
- **નવરાત્રી :** આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના નવ દિવસો દરમિયાન 'મા આદ્યશક્તિ'નું ઘટસ્થાપન કરી નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે. જેમ બંગાળમાં 'દુર્ગાપૂજા' ના દિવસોનું ભારે મહત્વ છે તેમ ગુજરાતમાં 'અંબા બહુચરા-કાળકા' જેવી મહાશક્તિશાળી દેવીઓની પૂજા આરાધના અને યજ્ઞો ઉપરાંત રાતના મોડે સુધી રાસ-ગરબા રમવાનું ઘણું માહાત્મય છે.
- **વિજયા દશમી :** આસો સુદ દશમના રોજ શ્રી રામે રાવણનો વધ કર્યો તેથી તેના આનંદમાં સૌ દશેરાનો તહેવાર ઉજવે છે. દશાનન એટલે દશ માથાવાળો જે રાવણ તેનો આ દિવસે નાશ થયો માટે દશેરા. દશેરાનો તહેવાર અસુરી શક્તિ પર દેવી શક્તિના વિજયનો તહેવાર છે.
- **ધનતેરસ :** ધનતેરસ એ આસો વદ-૧૩ ના દિવસે આવતો તહેવાર છે. આ દિવસે રંગોળીમાં લક્ષ્મીજીનાં પગલાંની આકૃતિ ખાસ કરવામાં આવે છે. આ દિવસે નવું ધન જેવુ કે સોનું-ચાંદી ખરીદવું તે શુકનવંતુ ગણાય છે. લોકો આ દિવસે ધનની પૂજા પણ કરે છે. ધનતેરસના શુભદિને ધન-ધાન્ય સમૃદ્ધિના દેવ કુબેરની પૂજાનું પણ અનેરું મહત્ત્વ છે. લંકાના રાજા રાવણે પણ કુબેરની જ સાધના બાદ સુવર્ણ લંકા પ્રાપ્ત કરી હતી તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.
- **દિવાળી :** દિવાળી એટલે ઝગમગતાં દિવડાઓનો 'દીપોત્સવ'. આ ઉત્સવ, સંસ્કૃતમાં 'દિપાવલી' અને પ્રાકૃતમાં 'દિવાલિયા' નામે જાણીતો છે. આ દિવસે ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ પૂરો કરી અયોધ્યા તરફ પાછા ફર્યા હતા. દિવાળીએ ભારતનો અતિપ્રાચીન ઉત્સવ ગણાય છે, નાના-મોટા સૌ ભેગા મળીને ફટાકડા ફોડી તેમજ એકબીજાને મીઠાઇની ભેટ આપી ઉત્સવ ઉજવે છે.
- **બેસતું વર્ષ (હિન્દુઓનું નવું વર્ષ) :** બેસતું વર્ષ એટલે કે નવું વર્ષ, હિંદુ કેલેન્ડર મુજબ, તે એકમ એટલે કે કારતક મહિનાના શુકલ પક્ષની પ્રતિપદા પર આવે છે. કાર્તિક મહિનો એ ચંદ્ર ચક્ર પર આધારિત હિન્દુ કેલેન્ડરમાં ગુજરાતમાં વર્ષનો પ્રથમ મહિનો છે. ગુજરાતીઓ માટે આ ખૂબ જ આનંદ અને ઉત્સાહનો દિવસ છે. ગુજરાતમાં તેઓ 'નૂતન વર્ષાભિનંદન' કહીને એકબીજાને શુભેચ્છા પાઠવે છે.
- **ભાઈબીજ :** હિંદુ પંચાગના વિક્રમ સંવત મુજબ વર્ષના પહેલા મહિના એટલે કે કારતક મહિનાનો બીજો દિવસ ભાઈબીજ છે. આ દિવસે બહેન યમનાએ યમરાજ પાસે વરદાન માગ્યું હતું, કે ભાઇને યમરાજાના ભયથી મુક્તિ મળે અને ભાઇની ઉંમરમાં વધારો થાય. રક્ષાબંધન પછી ભાઈબીજ એ ભાઈ અને બહેનના પ્રેમને સમર્પિતનો બીજો તહેવાર છે.
- **દેવ દિવાળી :** દેવ દિવાળીનો તહેવાર દર વર્ષે કારતક માસની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન અને દાનનું વિશેષ મહત્વ જણાવવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે આ દિવસે દેવતાઓ દિવાળી મનાવવા કાશીના ગંગા ઘાટ પર ઉતરે છે જેથી આ પવિત્ર દિવસે કાશીમાં ગંગા નદીના ઘાટોને દીપોથી શણગારવામાં આવે છે. આ દિવસને દિવાળી પર્વની પૂર્ણાહુતિ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે મંદિરોમાં ભગવાન માટે છપ્પન ભોગ અન્નકૂટ ધરાવીને પૂજા અર્ચના કરવામાં આવે છે.

**હેતલબેન ડી. રાવલ**
આચાર્યા, સ્વસ્તિક ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ

**પ્રવિણભાઇ એસ. ગોવિંદા**
મદદનીશ શિક્ષક, વિરપુર આશ્રમ

**દર્શનાબેન વી. મોદી**
આચાર્યા, શ્રીમતી એમ.આર.એચ. મેસરા બાલમંદિર

# સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ અને અભ્યાસ કરતા બાળકોની વિગત

| ક્રમ | વિભાગ | બાળકો | ગુરૂજીઓ | વહીવટી | વર્ગ-૪ | ચોકીદાર | કુલ સ્ટાફ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ.સ. આંટીયા અને ર.ત. આંબાણી કુમાર છાત્રાલય | ૫૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૬ |
| ૨. | શ્રી કે.કે. ગોઠી હાઇસ્કૂલ અને સ્વસ્તિક ઉ.મા. શાળા | ૧૩૬૧ | ૪૯ | ૦૩ | ૦૬ | ૦૧ | ૫૯ |
| ૩. | શ્રીમતી એસ.સી. સાળવી અને શ્રીમતી એમ.એસ. સાળવી પ્રાથમિક શાળા | ૧૮૫૯ | ૫૯ | ૦૩ | ૦૬ | ૦૧ | ૬૯ |
| ૪. | શ્રીમતી એમ.આર.એચ. મેસરા બાલમંદિર (ગુજરાતી માધ્યમ) | ૨૦૫ | ૧૨ | ૦૧ | ૦૫ | – | ૧૮ |
| ૫. | સ્વસ્તિક ઇંગ્લિશ મીડિયમ | ૨૧૮ | ૧૩ | ૦૧ | ૦૧ | – | ૧૫ |
| ૬. | પ્રોફેશનલ કાઉન્સેલિંગ એન્ડ કરિઅર એકેડમી | ૫૧૭ | ૦૬ | ૦૧ | – | – | ૦૭ |
| ૭. | સ્વસ્તિક કન્યા છાત્રાલય | ૦૯ | ૦૧ | – | – | – | ૦૧ |
| ૮. | સ્વસ્તિક આર્ટ્સ અને કોમર્સ મહિલા કોલેજ | ૨૫૯ | ૧૪ | ૦૧ | ૦૧ | – | ૧૬ |
| ૯. | સ્વસ્તિક આર્ટ એકેડમી | ૨૨૨ | ૦૭ | – | – | – | ૦૭ |
| ૧૦. | સ્વસ્તિક સ્પોર્ટ્સ એકેડમી | ૨૬૮ | ૧૦ | – | – | – | ૧૦ |
| ૧૧. | સ્વસ્તિક બાલવાટિકા | ૧૮૨ | ૦૬ | – | ૦૧ | – | ૦૭ |
| ૧૨. | સ્વસ્તિક બાળ સંસ્કાર મંદિર | ૧૦૪ | ૦૨ | – | ૦૧ | – | ૦૩ |
| ૧૩. | સ્વસ્તિક કેન્ટીન વિભાગ | – | – | – | ૦૩ | – | – |
| ૧૪. | સ્વસ્તિક વાહન વ્યવહાર | – | – | – | ૬+૬ | – | ૧૨ |
| | કુલ | ૫૨૫૬ | ૧૮૦ | ૧૧ | ૩૯ | ૦૩ | ૨૩૩ |

'સમય' પણ શીખવે છે અને શિક્ષક પણ શીખવે છે,
બંને માં ફર્ક ફક્ત એજ છે કે...
'શિક્ષક' શીખવાડીને પરિક્ષા લે છે અને
'સમય' પરિક્ષા લઇને શીખવે છે.

## ખેડૂતો માટે ઉપયોગી (ગામ નમુના નંબર ૧ થી ૧૮ ના પત્રકો) અને તેની સમજ

### ૧. ગામ નમુના નંબર-૧ : કાયમ ખરડો, આકરબંધ, ખેતર વાર પત્રક અથવા ફેસલવાર પત્રક

મહેસુલી હિસાબો ના આ પાયાનો નમુનો છે. જે સેટલમેન્ટ પછી સર્વે ખાતા દ્વારા તૈયાર કરવામાં આવે છે. અને તેની એક નકલ ગામે મોકલવા માં આવે છે. આ નમૂના માં સર્વે નંબર ની વિગત, જમીનના સત્તા પ્રકાર, વાટ (રસ્તો), ક્ષેત્રફળ, આકાર તથા ઈજમેન્ટ ના હકો જીરાયત, બાગાયત, ક્યારી જમીનો, મોક્ષ દર તથા વર્ગવાર ક્ષેત્રની વિગતો આ નમૂનામાં જોવા મળે છે.

### ૨. ગામ નમુના નંબર ૧ (અ) : ફોરેસ્ટ રજીસ્ટર

જે ગામ માં જંગલ માટે ૫ (પાંચ) કરતા વધારે સર્વે નંબર લીંક થયેલા હોય તેજ ગામે આ નમુનો રાખવાનો હોય છે. ૫ (પાંચ) કરતા ઓછા સર્વે નંબર લીંક થયા હોય તે માટે ગામ નંબર ૧ (એક) ની કોલમ નંબર ૨૧ (એકવીસ) માં આપવામાં આવે છે.

### ૩. ગામ નમુના નંબર-૨ : બીજી કાયમી ઉપજનં પત્રક

ગામતળ ના મકાન, બિન ખેતી પ્લોટ, ભાડા પેટે જમીન, મહેસુલ માપ થી અપાયેલ જમીન ની વિગતો આ નમૂનામાં જોવા મળે છે.

### ૪. ગામ નમુના નંબર-૩ : ઇનામી જમીનનં પત્રક

ગામ નમુના નંબર – ૧ (એક) માં જે સર્વે  નંબરો ઇનામો તરીકે દર્શાવ્યા હતા. તેના મહેસુલ રકમ કે અમુક ભાગ સબંધ કરતા ઈનામદાર ને આપવામાં આવતો હતો. છેલ્લો કાયદો દેવસ્થાન ઇનામી નાબુદી ધારો – ૧૯૬૯ કાયદો પ્રસાર થયે જેમાં સરકાર અને ખાતેદાર વચ્ચે આવી ઇનામી જમીન રહેવા પામેલ નથી. ફક્ત રેકર્ડ માટે થઇ આ નમુનો છે. કાયમી રેકર્ડ તરીકે સચવાય છે જેને ઇનામી જમીન નં પત્રક કહે છે.

### ૫. ગામ નમુના નંબર-૪ : પરચુરણ જમીન મહેસુલ નું પત્રક

આપણા કે ગામના કોઈ ખાતામાં દંડ કરવામાં આવેલ છે જેમ કે, ચોથાઇ દંડ કે નોટીસ આપી હોય તો નોટીસ અંગે ફી, વારસાઈ દંડ હોય કે પછી પેસકદમી  અંગેનો દંડ હોય તો તે આ નમુના નંબર – ૪ માં નોધી પછી તે દંડ ની વસુલાત કરવામાં આવે છે.

### ૬. ગામ નમુના નંબર-૫ : ઠરાવબંધ / હિસાબબંધ

કુલ રકબા ની એટલે ગામતળ કે સીમતલ ની જમીન, ખેતીની જમીન ની કાયમી ઉપજ, બીજી ઉપજ, પરચુરણ ઉપજ ની વિગત તથા લોકલ ફંડ ની ઉપજ બતાવવામાં આવે છે. અને નમુનો વાર્ષિક હિસાબો કર્યા પછી બનાવવામાં આવે છે.

### ૭. ગામ નમુના નંબર-૬ : હકકપત્રક, ફેરફાર પત્રક, મ્યુટેશન ડાયરી અથવા રેકર્ડ ઓફ રાઈટસ

ખાતેદાર ની જમીન અંગેની હકક તથા કબજા અંગેની વિવિધ નોધો કરવામાં આવે છે. જેમાં હયાતીમાં હકક દાખલ કરવા, વારસાઈ કરવા, વહેચણી હોય, જમીન વેચાણ દસ્તાવેજ ની નોધ, જમીન માપણીની નોધ, બોજા ની નોધ કે અન્ય સરકારી નોધ વગેરે આ નમુના નંબર – ૬ માં કરવામાં આવે છે, હકક પત્રક એ રૈયતવાળી મહેસુલી પધ્યતીનું અગત્યનું અંગ છે. આ નમુનો આ તલાટી દ્વારા નીભાવવામાં આવતો હતો જે જમીન દફતર કમ્પ્યુટરાઈઝડ કરવામાં આવી ત્યાર પછી આ નંબર – ૬ ઈ–ધરા કેન્દ્ર ખાતે નિભાવવામાં આવે છે. જે ઓનલાઈન પ્રિન્ટ કાઢી શકાય છે.

### ૮. ગામ નમુના નંબર-૭ : જમીન ની અનુક્રમણિકા

પહેલા નમુનો ૭–૧૨ તરીકે ઓળખાતો હતો. મહેસુલી વિભાગના તા. ૨૨–૦૨–૨૦૧૨ ના પરિપત્ર થી ૭–૧૨ માંથી ગામ નમુના નંબર –૧૨ (પાણી પત્રક ) ને અલગ કરવામાં આવ્યું અને તે  કમ્પ્યુટરાઈઝડ અલગ થી નીકળે છે.

ગામ નમુના નંબર – ૭ માં ખેતર નો સર્વે નંબર, ખેતરનું નામ, સત્તા પ્રકાર, ક્ષેત્રફળ, પોથ ખરાબો હોય તે  પોથ ખરાબ નું ક્ષેત્રફળ, કબજેદાર નં નામ તથા બીજા હક ની વિગતો જોવા મળે છે.

### ૯. ગામ નમુના નંબર ૮-અ : જમીનની ખાતાવહી (ખેડૂતનું ખાતું)

ખેડૂત ની તમામ જમીન બતાવતું પત્રક.. કોઈ ખેડૂત ગામ માં કેટલા સર્વે નંબર ની કેટલી જમીન ધરાવે છે અને કેટલા ખેતર ધરાવે છે તેની વિગતો જોવા મળે છે. ઉદાહરણ તરીકે કોઈ ખેડૂત ને ૫ (પાંચ) ખેતર હોય તો ૮-અ માં પાંચ ખેતરની તમામ વિગત સર્વે નંબર સાથે બતાવે છે. જેમાં કુલ જમીન, સર્વે નંબર જેવી વિગત જોવા મળે છે.

### ૧૦. ગામ નમુના નંબર ૮-બ : જમા - ઉધાર ની ખાતાવહી

ખાતાવાર માંગણું, વસુલાત બાકીની વિગત જોવા મળે છે.

### ૧૧. ગામ નમુના નંબર ૮-ક : શિક્ષણ ઉપકાર (માંગણું / વસુલાત)

શિક્ષણ ઉપકર ની લેણી થતી રકમ માટે ખાતેદાર ની કેટલી રકમ બાકી છે અને ચાલુ વર્ષે કેટલી રકમ વસુલ કરવાની છે તેની વિગત આ નમૂનામાં જોવા મળે છે.

### ૧૨. ગામ નમુના નંબર-૯ : પહોંચ (રોજમેળ)

મહેસુલી વસુલી માટે જે પહોંચ આપવામાં આવે છે તે અંગેનો આ નમુના નંબર ૯ છે. ૩ (ત્રણ) નકલ માં આ નમુનો નીકળે છે જે ખેડૂત પાસે થી જમીન મહેસુલ વસુલાત લેવામાં આવે છે તે વસુલાત મળ્યા બદલ નમુના નંબર – ૯ ની પાવતી આપવામાં આવે છે.

### ૧૩. ગામ નમુના નંબર-૧૦ : ચલણ

જમીન મહેસુલ કે શિક્ષણ ઉપકર ની જે વસુલાત આવેલી હોય તેનું ભરણું બેંક માં ભરવા માટેનો આ નમુનો છે. જે ગ્રામ પંચાયત માટે ઉપયોગી છે.

### ૧૪. ગામ નમુના નંબર ૧૧ : ટાળા પત્રક/ લાવણી પત્રક

ખાતેદાર પાસે માંગણું, મુલતવી, બિન મુલતવી જમા કેટલી રકમ છે તે માહિતી આ પત્રક માં જોવા મળે છે.

### ૧૫. ગામ નમુના નંબર ૧૨ : પહાણી પત્રક, પાણી પત્રક (ક્રોપ રજીસ્ટર)

૭-૧૨ ના નમુના માંથી ૨૦૧૨ પછી અલગ નીકળતા આ પત્રક ને  નમુના નંબર ૧૨ નં પત્રક કહે છે.

સર્વે નંબર ની જમીન માં ખેડૂતનું નામ, ખેડ ની રીત, વાવેતરનું ક્ષેત્રફળ, વાવેતર કરેલ પાકનું નામ, પિયતનું સાધન, કયા વૃક્ષો છે તેની તમામ માહિતી આ નમુના નંબર ૧૨ માં જોવા મળે છે.

### ૧૬. ગામ નમુના નંબર-૧૩ : તુલવારી

ગામ નમુના નંબર ૧૨ માં નોધાયેલા પાક માંથી જે તે ગામ માં પાકનો કુલ વિસ્તાર કેટલો છે તેની વિગતો આ તુલવારી પત્રકમાં જોવા મળે છે તેના આધારે કયા પાકનું  કેટલું ઉત્પાદન થશે તે અંગેની ઉચ્ચ લેવલે ગણતરી કરવામાં આવે છે

### ૧૭. ગામ નમુના નંબર-૧૪ : જન્મ મરણ નું પત્રક

ગામમાં થયેલ જન્મ મરણ ની નોધણી કરવામાં આવે છે તેના આધારે જન્મ અને મરણ ના પ્રમાણપત્ર આપવામાં આવે છે.

### ૧૮. ગામ નમુના નંબર ૧૪ - અ : શીતળા કાઢવાનું પત્રક

શીતળા કાઢ્યા અંગેની માહિતી હોય છે.

### ૧૯. ગામ નમુના નંબર ૧૪ - બ : રોગચાળા રીપોર્ટ

ઇન્ફ્યુએન્જા, યેલોફીવર, બળિયા, કોલેરા, પ્લેગ, કમળી, મર્કી વગેરે રોગો ની માહિતી આ પત્રક માં દર્શાવે છે.

## ૨૦. ગામ નમુના નંબર ૧૪ - ક : રોગોનો રોજીંદો રીપોર્ટ

રોગોનો રોજીંદો રીપોર્ટ આવે જેમાં ગામ માં કોઈ ચેપી રોગ ફાટી નીકળે ત્યારે તેની નોધ આ નમૂનામાં કરવાની હોય તેનો દૈનિક રીપોર્ટ તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ને મોકલવા નો હોય છે.

## ૨૧. ગામ નમુના નંબર ૧૪ - ડ : ઢોરના રોગોનો રીપોર્ટ

ઢોરો (પશુ) નો રોગ ફાટી નીકળે ત્યારે તેની નોંધ આ નમુનામાં કરવાની હોય છે. જેની જાણ તાલુકા વિકાસ અધિકારી, પશુચિકિત્સક ને કરવા ની હોય છે.

## ૨૨. ગામ નમુના નંબર-૧૫ : ગામના ઢોર તથા આર્થિકસ્થિતિનું પત્રક

ગામના બધા પ્રકાર ના ઢોરની અને ખેતી માટે જે સાધનો ની નોધ કરવાની હોય છે જેમાં ખેતીના યંત્રો, તેલની ઘાની, હાથવણાટ, ગોળ બનાવવા ના કોલા, પાણીના કોહ વગેરે નો સમાવેશ થાય છે.

## ૨૩. ગામ નમુના નંબર-૧૬ : પાણીના સાધનોનું પત્રક

ગામતળ ની જમીન માં કુવી, ટ્યુબવેલ, વાવ, કુવો કે બોર તળાવો ની નોધ આ પત્રક માં કરવામાં આવે છે. ખેડૂતો ને આ નમુના ની જરૂર પડે છે. નવા લાઈટ ના કનેક્શન માટે જી.ઈ.બી માં નમુના નંબર ૧૬ ની જરૂર પડે છે.

## ૨૪. ગામ નમુના નંબર-૧૭ : આવક - જાવક રજીસ્ટર

તલાટી ને મળતા કાગળો અને તલાટી તરફ થી મોકલવામાં આવતા કાગળો ની નોધ નમુના નંબર ૧૭ કરવાની હોય છે.

## ૨૫. ગામ નમુના નંબર-૧૮ : ઠરાવો / પરિપત્રો ની ફાઈલ (સ્ટેન્ડિંગ ઓર્ડર ફાઈલ )

સરકારશ્રી, કલેક્ટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી આ તમામ ઉપરી અધિકારીશ્રીઓ તરફ થી આવતા કાયમી હુકમો, પરિપત્રો, તથા ઠરાવો વગેરે ની વિગતવાર ફાઈલ બનાવેલી હોય છે જેને ગામ નમુના નંબર – ૧૮ કહેવામાં આવે છે. એટલે કે ઠરાવ કે અગત્યના પરિપત્રો ની વિગતો ગામ નમુના નંબર – ૧૮ માંથી મળી શકે છે..

### : જમીનના માપ :


| | | | |
|---|---|---|---|
| ૧ ગુઠા | = ૧૦૭૫.૯૮ ફુટ | ૧ એકર | = ૧.૭૦ વિઘા |
| ૧ વિઘા | = ૨૫૫૮૭ ચો.ફુટ | ૧ હેક્ટર | = ૧,૦૭,૬૦૦ ચો.ફુટ |
| ૧ વિઘા | = ૨૩૭૮ ચો. મીટર | ૧ હેક્ટર | = ૧૦,૦૦૦ ચો. મીટર |
| ૧ વિઘા | = ૨૩.૭૮ ગુઠા | ૧ હેક્ટર | = ૧૦૦ ગુઠા |
| ૧ એકર | = ૪૩૫૪૫ ચો.ફુટ | ૧ હેક્ટર | = ૪.૨૦ વિઘા |
| ૧ એકર | = ૪૦૪૭ ચો.મીટર | ૧ હેક્ટર | = ૨.૪૭ એકર |
| ૧ એકર | = ૪૦.૪૭ ગુઠા | | |

રમેશભાઇ એમ. પટેલ (R.M.)
કુંભલમેર
(મો. ૯૪૨૭૬ ૩૯૮૯૯)


# ધોરણ ૧૨ કોમર્સ પછી તથા ધોરણ ૧૨ આર્ટસ પછી



## ધોરણ : 12 કોમર્સ પછી




## ધોરણ : 12 આર્ટ્સ પછી





મહેન્દ્રભાઇ એચ. પંચાલ
ડાયરેક્ટર, સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ, પાલનપુર

હસમુખભાઇ વીરાભાઇ સવાયા
આચાર્ય, કન્યા વિદ્યાલય, મડાણા

# એક વાલી તરીકે આપણે આટલું તો કરીએ જ...
## આપના માટે, આપના સંતાનો માટે...

બાળકના મા-બાપ હોવું એ પરમાત્માની કૃપાનું જ ફળ છે. પરંતુ સાચા અને સારા મા-બાપ થવું એ આપણી યોગ્ય સમજદારીનું જ પરિણામ છે.

બાળક જન્મે છે તે સાથે મા-બાપનાં અનેક અરમાનો પણ જન્મે છે, મારું સંતાન કેવું થશે ? એની રોમાંચક કલ્પનાઓ મા-બાપ બનેલાં દંપતીને ક્યારેક હર્ષથી છલકાવી દે છે, પરંતુ દરેક ઘરમાં એવો હર્ષ લાંબુ ટકતો નથી ક્યાંક સંતાનો મોટા થાય છે તેમ મા-બાપ માટે ખેદ અને દુઃખના ડુંગરા ખડકાય છે, દીકરા-દીકરીના અનેક પ્રશ્નો હતાશા-નિરાશા પેદા કરે છે.

શા માટે ? આપણા માટે એવું નસીબ ? પ્રારબ્ધ ? દૈવી કોપ ? પૂર્વના પાપ ?

પરંતુ આ બધાંય કરતાં મહત્વનો સવાલ એ છે કે...

મા-બાપ તરીકે આપણે ભૂમિકા ખરેખર નિભાવી છે ?

મા-બાપ પૈસા કમાવવામાં ઓતપ્રોત હોય છે. તેથી બાળકોને સંસ્કાર આપવામાં ધ્યાન આપી શકતાં નથી. જેમ પૈસા અને મૂડી વધારવા તનતોડ મહેનત કરીએ છીએ, એમ બાળકોની સંસ્કારરૂપી મૂડી માટે પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે. જો આગ્રહપૂર્વક બાળકને સંસ્કાર નહીં આપીએ તો એનાં માઠાં ફળ બાળકે, આપણે, સમાજે અને રાષ્ટ્રે ભોગવવાં પડશે. તો આજે જ આપણા બાળકના સર્વાંગી વિકાસ માટે બાજુમાં દર્શાવેલ તમામ બાબતોનું ધ્યાન રાખીએ.

સંતાનોની ઉપેક્ષા ન કરો ,એને ધીરે રહીને સમજાવો. ખોટે રસ્તે જતા બાળકને પાછો વાળવાનો હોય તો દબાવવાથી કામ નહીં થાય, એના માટે બાળક માટે સમય કાઢો, પ્રેમથી એના પ્રશ્નો સાંભળો, પછી એ તમારી વાત સાંભળશે.

- બાળકની કુટેવોને રોકવાની સૂઝ કેળવીએ.
- બીજાને પીડા આપીને કે બીજાનું નુકશાન કરીને આનંદ કેળવવાની વૃત્તિ ન વિકસે તેનો ખ્યાલ રાખીએ.
- બાળવયથી હિંસા, ચોરી કે બીભત્સ વિચારો ન વિકસે તે માટે બાળકોને ટી.વી., ઇન્ટરનેટથી યોગ્ય અંતરે રાખીએ.
- સુટેવોને પ્રોત્સાહન આપીએ, સૂચન એકાંતમાં કરીએ, સુટેવોને વિકસાવવા માટે ધીરજ રાખીએ વારંવાર ટોક-ટોક ન કરીએ.
- આપણી સંસ્કૃતિની ભાષા, વેશભૂષા, ભજન અને ભોજનની પરંપરાને જાળવી રાખવા સતત જાગ્રત રહીએ.
- બાળક આળસુ ન બને તે માટે બાળકને ક્યાં કામ જાતે કરવાનાં છે તે શીખવીએ.
- બાળકોના જન્મ પ્રસંગે તેમને નવાં પ્રેરક પુસ્તકોની ભેટ આપીએ.
- શિક્ષક પર બધુ છોડવાને બદલે શક્ય હોય તો જાતે જ બાળકના શિક્ષક થઇએ.
- બાળકને શિખવતાં તેને ન આવડે તો તેને ક્યારેય મારીએ નહીં, તેની મુશ્કેલી સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરીએ.
- આપણા મનના ઢાળેલા બીબા મુજબ જ બાળક હોશિયાર બને તેમ વિચારવાને બદલે, બાળક જેમાં હોશિયાર છે તેમાં આપણું બીબું ઢાળી દઇએ.
- કોઇ આપના બાળક માટે નબળો અભિપ્રાય આપે તો સ્વીકારવાની સાથે એ પણ સ્વીકારીએ કે, તેમાં રહેલી અખૂટ શકિતને જગાડી શકાય છે.
- ભણતરમાં રસ જગાડીએ.
- બાળકને દરેક પરીક્ષાએ એક ડગલું વધુ ઊંચુ નિશાન બાંધી આપીએ, પરંતુ તેને હતાશ ન બનાવીએ.
- બાળકના શારીરિક વિકાસની જેમ તેની મનો સામાજિક ભૂમિકા પણ વિકસે છે, તેનો નિરંતર ખ્યાલ રાખીને ઘરમાં તેવુ વાતાવરણ પૂરું પાડીએ.
- મા-બાપ તરીકે નહીં, તેના પ્રેમાળ મિત્ર તરીકે બાળક સાથે આત્મિયતા કેળવીએ.
- બાળકના હૃદયને આપણી બરછટ વાણીથી ઘાયલ ન કરીએ.
- બાળકની હાજરીમાં ઝઘડા-ઝઘડી, ગુસ્સાવાળું કે મારા-મારીવાળુ વાતાવરણ ન રાખીએ, આપણી ભૂલ હોય તો મુકત મને માફી માંગીએ.
- વડીલોને આદર-સત્કાર આપતા શીખવીએ.

**સુનિલભાઇ વી. સાળવી**
સહમંત્રી

# માનસિક સ્વાસ્થ્ય માટેનો વૈજ્ઞાનિક અભિગમ

૨૧ મી સદીની હરણફાળ અને આવતા ભવિષ્યની ચિંતા માનવીને માનસિક અને શારીરિક ઉદ્વેગ આપે છે. તેનાથી બચવાનો કોઇ જાદુઇ ઉપાય નથી પરંતુ પ્રાર્થના, ધ્યાન, યોગ, કીર્તન વગેરેનો દિનચર્યામાં સમાવેશ કરાય તો આપણને જરૂર લાભ થાય છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મતે આજે વૈજ્ઞાનિક શોધખોળો એ સમયને અદ્ભુત સફળતા અપાવી છે. પરંતુ માત્ર જાણકારી કે કૌશલ્ય માનવજાતને ગૌરવભરી અને આનંદમયી જિંદગી આપી શકે નહી. આપણને જે જ્ઞાન ભગવાન બુધ્ધ, મહાવીર સ્વામી, જીસિસ, વલ્લભાચાર્ય કે ગાંધીજી જેવા મહાપુરુષો પાસેથી મળ્યુ છે તે કોઈપણ ભૌતિક પ્રાપ્તિ કે સિધ્ધી કરતાં ઘણું વધારે છે. સદીઓથી વેદો દ્વારા કહેવાયું છે કે મંત્રોચ્ચાર, ધ્યાન, યોગાસનો કે પ્રાર્થના જ સાચી ખુશી, પવિત્રતા ભરી અને નિરોગી જિંદગી આપી શકે છે. પૂ.શ્રી મોટા એ તેમની વાઈની તકલીફ સતત પ્રાર્થના દ્વારા જ દૂર કરી હતી.

સતત પ્રાર્થના, ધ્યાન કે ઈશ્વર તરફી લાંબી વિચારધારાથી મગજમાં અમુક ન્યુરોસર્કિટ સક્રિય થાય છે અને આપણી દ્રષ્ટિને નમનીય બનાવે છે અને આપણે વધુમાં વધુ સભ્યમાં પ્રસ્થાપિત થતા જઈએ છીએ.

## : સારા આરોગ્ય માટે સરળ કવિતા :

- રાત્રે વહેલા જે સૂએ, વહેલા ઉઠે વીર,
  બળબુધ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર.
- ચા કોફીને કોકો વહેલી પડાવે પોકો,
  ના સમજે તેને રોકી જરૂર પડે તો ટોકો.
- મઠ કહે હું ઝીણો દાણો મારે માથે નાકું,
  મારી પરખ ક્યારે પડે કે ઘોડું આવે થાક્યું.
- બલિહારી તુજ બાજરી, જેના લાંબા પાન,
  ઘોડે પાંખુ આવિયું, બુઢ્ઢા થયા જવાન.
- તાવ કહે તુરીયામાં વસુ ગલકાં દેખી ખડખડ હસું,
  ખાટાં દહીં મૂળોને ખાટી છાશ તેને ઘેર મારો વાસ.
- આમલીમાં ગુણ એક છે, અવગુણ પુરા વીસ,
  લીંબુમાં અવગુણ એકે નહી ગુણ છે પુરા વીસ.
- લીમડા દાતણ જે કરે નરણે હરડે ખાય,
  દૂધે વાળુ જે કરે તે ઘેર વૈધ ન જાય.
- કુણી કુણી કાકડી ને ભાદરવાની છાશ,
  તાવ સંદેશો મોકલે આજ આવું કે કાલ.
- દૂધી કહે હું લાંબી લીસી, દિલ મારે છે છાલ,
  સ્વાદ ને બળ લાવવા નાંખ ચણાની દાળ.
- ફૂદીનો સુગંધીદારને રુચિકર પણ ઘણો,
  કફ નાશકને વળી કામનાશક પણ ઘણો.
- ગુણકારક છે લીમડો જંતુનાશક પણ બહું,
  નરણે કોઠે રસ એહનો પીઓ તાવ ન પજવે કંઇ.

જયંતિભાઇ એન. ઘોડા (કાતરા)
મંત્રી

# આવો **લઇએ પ્રતિજ્ઞા...**

- 'હું સંપ ત્યાં જંપ' શુભવિચારને સર્વ સમાજના સહકારથી સાર્થક કરીશ.
- હું 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો સાચો વાહક બનીશ.
- હું દુનિયાને સુધારતા પહેલાં તેનો પ્રારંભ આત્મ-સુધારણાથી કરીશ.
- હું સમાજ પર આવેલી આપત્તિઓનો પૂરી તાકાતથી સામનો કરીશ.
- હું પયાર્વરણને પ્રદૂષણમાંથી મુકત બનાવવાની ઝુંબેશ ચાલુ રાખીશ.
- હું ક્રોધાવેશમાં આવીને અન્યને નુકસાન પહોચાડીશ નહિ.
- હું ખોટાં મોજ-શોખ માટે વ્યાજના ચક્કરમાં ક્યારેય ફસાઇશ નહિ.
- હું "સંગ તેવો રંગ" મુજબ સફળ માનવી નો સત્સંગ રાખીશ.
- હું જીવનમાં હારને પણ પચાવતાં શીખીશ.
- હું સમાજ વાસીઓને વ્યસન છોડાવવા માટે સતત પ્રયત્નશીલ રહીશ.
- હું તંદુરસ્ત સમાજ માટે આજને નિરોગી બનાવીશ.
- હું હંમેશા શ્રેષ્ઠ વસ્તુને જ મારું લક્ષ્ય બનાવીશ.
- હું આળસ, ઈર્ષા અને અહમ્‌ને તિલાંજલી આપી વિકાસ સાધતો રહીશ.
- હું પાટીદાર તરીકે સત્કાર્ય કરવામાં વિલંબ નહિ કરું.
- હું 'મન હોય ત્યાં માળવે જવાય' તે મુજબ સતત પ્રગતિશીલ રહીશ.
- હું પાટીદાર તરીકે જે કામનો ડર લાગતો હોય, તે કાર્ય પહેલાં કરીશ.
- હું એકપણ પાટીદારને નીચું જોવું પડે તેવું કામ કરીશ નહીં.
- હું મારા સ્વવિકાસ માટે હંમેશા આશાવાદી બનીશ.
- હું મારા આત્માને છેતરવા જેવો દુનિયાનો મોટો અપરાધ નહિ કરું.
- હું વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વ ફલક પર પાટીદારનું ગૌરવ વધારીશ.
- હું બીજા માણસોની ભૂલોમાંથી સારું અને નવું શીખતો રહીશ.
- હું માનવતા દ્વારા સાચા અર્થમાં માનવ ધર્મ બજાવીશ.
- હું પાટીદાર તરીકે મારી ફુરસદના સમયનો સદ્‌ઉપયોગ કરીશ.
- હું મારી પ્રશંસાથી ફુલાઇશ નહીં અને નિંદાથી દુ:ખી થઇશ નહીં.
- હું પાટીદારની નિસ્વાર્થ ભાવે સેવા કરવાનું વચન નિભાવીશ.
- હું હંમેશા પાટીદાર તરીકે સત્યનો વાહક બનીશ.
- હું માનવીય અભિગમોનો આદર કરીશ.
- હું પ્રાયોગિક પ્રવૃત્તિઓ દ્વારા પરિપકવ બનતો રહીશ.
- હું મા-બાપ અને વડીલો પ્રત્યે આદર અને માન રાખીશ.
- હું મારી દીકરીને હંમેશા ભણાવવાનો આગ્રહ રાખીશ.
- હું ગુજરાતની સલામતી જાળવવામાં ભાગીદાર બનીશ.
- હું વાહનોમાં કુદરતી ગેસનો ઉપયોગ કરીશ.
- હું જીવનમાં સફળતા મેળવવા માટે હંમેશા સાવધાન રહીશ.
- હું અસામાજીક પ્રવૃત્તિઓનો હંમેશા વિરોધ કરીશ.
- હું જીવનના દરેક ક્ષેત્રે પાટીદારને ગૌરવ અપાવીશ.
- હું 'પહેલું સુખ તે જાતે નર્યા' તે સુવાક્યને જાતે સાર્થક કરીશ.
- હું મારા દરેક જન્મ દિવસે એક નવો છોડ ઉગાડીશ.
- હું ક્યારે પણ કમ્પ્યુટર વાયદાના વેપાર કરીશ નહીં.

હરેશભાઇ કાનજીભાઇ ગોઠી
સામાજીક કાર્યકર

# ગૃહસ્થાશ્રમ સર્વોત્તમ

આપણા ગ્રંથોમાં મનુષ્યના જીવનને પસાર કરવા ચાર આશ્રમ બનાવેલા છે. તેમાં ગૃહસ્થાશ્રમનું ખુબ ઊંચુ સ્થાન છે. તે સર્વોત્તમ છે, એમ આપણા શાસ્ત્રો કહે છે.

દુનિયામાં ઘણા બધા દેશ છે. તેમાં માત્ર, ભારત દેશની જ સંસ્કૃતિએ, ભારતીય ગૃહસ્થાશ્રમને વિદેશોમાં ડંકો વગાડેલો છે. અત્યારે પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણમાં કંઈક છબી બગડી છે. ભારત દેશ ખરા અર્થમાં ગામડાઓમાં વસતા લોકોનો દેશ છે અને ત્યાં જ ગૃહસ્થાશ્રમ ખરા અર્થમાં જળવાયેલો છે, મહેક છે. બાકી શહેરમાં વિદેશોની જેમ બાજુના મકાનમાં કોણ રહે છે તેનો ખ્યાલ પણ નથી. ત્યાં સંસ્કૃતિ ક્યાંથી હોય?

મનુષ્યની ૨૫ થી ૫૦ વર્ષની ઉંમરને ગૃહસ્થાશ્રમમાં મુકેલી છે. આ ઉંમરમાં તે સમાજની વચ્ચે રહી બાકીના ત્રણેય આશ્રમોને તથા, નાના બાળકો, વૃધ્ધોને પોષે છે, એટલે તેનુ સ્થાન સર્વોત્તમ છે.

ગૃહસ્થાશ્રમમાં આંગણીયે આવેલા અણધાર્યા મહેમાનની મહેમાનગતિ અને શરણે આવેલા જીવનું જીવન બચાવવાનું ખુબ જ મહત્વ બતાવેલું છે.

એક દિવસ એક દેશનો રાજા અને સાધુ જંગલમાં ભુલા પડ્યા. તેઓ એક ઝાડ નીચે આવીને ભુખ્યા, તરસ્યા, થાકીને લોથપોથ થઈને બેઠા. તે ઝાડ ઉપર એક હંસલો-હંસલી અને તેના બે બચ્ચાં રહેતાં હતાં. તે રાજાની વાત સાંભળી ગયા. તેમને થયું આપણા દેશનો રાજા અને સાધુ આપણા આંગણે બેઠા છે, તે ખુબ દુઃખી છે. આપણી પાસે કંઈ નથી આપણે એમની શી સેવા કરીશું ? હંસલો કહે છે, પ્રથમ તો તેઓ ગરમીમાં પરસેવાથી રેબઝેબ છે તો આપણી પાંખોથી એમને પવન નાખીએ. બંનેએ પાંખો ફફડાવી રાજાને અને સાધુને પવન નાંખ્યો, બંનેને શાંતિ મળી. હંસલો-હંસલી કહે છે, ચાલો એક કાર્ય પૂર્ણ થયું. હવે, આપણા મહેમાન પાણી વિના ટળવળે છે પણ, આપણી પાસે પાણી નથી, તો શું કરીશું? બંને વિચારી નક્કી કરે છે કે બાજુની વાવમાં જઈ પાણીમાં પાંખો ફફડાવીશું, તો રાજા અને સાધુને તેના અવાજથી ખબર પડી જશે કે વાવ નજીકમાં છે. તેમ કરતાં બંને મહેમાન સમજી જાય છે અને વાવમાં જઈ તરસ છીપાવે છે. હંસલો અને હંસલી વાતો કરે છે. ચાલો બીજુ કાર્ય પણ પૂર્ણ થયું.

હવે, હંસલો કહે છે, રાજા અને સાધુને ભુખ લાગી છે. આપણા ઘરમાં તો કશુ છે જ નહિં. બંને વિચારમાં પડી જાય છે. આપણા ઘરેથી કોઈ ભુખ્યુ જાય તો આપણો આ ગૃહસ્થાશ્રમ શું કામનો? છેવટે હંસલો, હંસલીને સમજાવે છે કે, તું બંને બચ્ચાંને સંભાળી મોટા કરી શકીશ, મારાથી કશું થશે નહિં. મારા શરીરથી કોઈ ઘરે આવેલા મહેમાનનું પેટ ભરાતુ હોય તો મારે જીવીને શું લેવાનું ? તેમ કહી હંસલો રાજાના ખોળામાં જઈ પ્રાણ છોડી દે છે. રાજા અસહ્ય ભૂખમાં કંઈ પણ સમજ્યા વિના તેને આરોગી જાય છે. સાધુ જમતા નથી, તે આ બધુ સારી રીતે જાણી જાય છે. હંસલી સમજી જાય છે કે રાજાનું પેટ ભરાયુ નથી. તો મારે પણ જીવીને શું કરવાનું? બચ્ચાં ભગવાને આપ્યાં છે તો તેની ખબર પણ તે જ રાખશે. તેમ વિચારીને તે પણ રાજાની આગળ પ્રાણ છોડી દે છે. બંને બચ્ચાં મા-બાપની વાત સાંભળતાં હોય છે. તેમને ખબર પડે છે કે રાજાને હજુ ઓડકાર આવ્યો નથી. બંને બચ્ચાં વિચારે છે કે ઘરે આવેલા મહેમાનનું પેટ ભરાયું ન હોય તો અમારે પણ જીવીને શું કરવું છે. બંને બચ્ચાં રાજાની આગળ જઈ પ્રાણ છોડી દે છે.

મિત્રો, આ વિચારધારા હતી આપણા ગૃહસ્થાશ્રમની, ભારતીય સંસ્કૃતિની.........

વિદ્યાવાન વ્યક્તિ દરેક જગ્યાએ માન-સન્માન પ્રાપ્ત કરે છે.
વિદ્યા સુંદરતા અને યુવાનીને પણ પરાજિત કરે છે,
એટલે વિદ્યાનું મહત્વ સૌથી વધારે માનવામાં આવે છે.

દિનેશભાઇ દેવાભાઇ નવેરીયા
(ડી.ડી.) વેડંચા

# ભગવાનની ભક્તિનું ફળ અચૂક મળે જ...

### ભગવાનનની ભકિતનું ફળ અચૂક મળે જ

સારા કર્મો કર્યા પછી તેના બદલામાં મળનારા સારા ફળ ભોગવવા માટે પણ માનવીને ફરીથી જન્મ લેવો પડે છે. તે ભોકતાના સ્થાન પર 'ભકત' બનીને માયાના સ્થાન પર ભકિતનો માર્ગ પકડીને પાર થવા તૈયાર થાય છે એટલા માટે " પ્રયાણ કાલે મનસા ચલેન, ભકતત્યા યુકતો યોગ બલેન ચૈયો વ" મરતી વખતે સ્થિર એકાગ્ર મનથી ભક્તિમય બનીને યોગબળ ઈશ્વરથી (સંયુકિત કરણ અભ્યાસ દ્વારા) પ્રાણને સ્થિર કરી શરીરનો ત્યાગ કરે છે. તે દિવ્ય પરમ્ પુરુષને પામે છે. તેને અક્ષર કહેવામાં આવે છે. બ્રહ્મલોકથી માંડીને જેટલા લોક છે, તે તમામનું પુનરાગમન થાય છે. પરમ્ પુરુષનું સ્થાન મળ્યા પછી ફરીથી જન્મ થતો નથી એટલે કે પુનઃજન્મ ધારણ કરવો પડતો નથી તે અંગેનું જ્ઞાન શુક્લ પક્ષ ઉતરાયણ છે. અજ્ઞાન અવસ્થા દક્ષિણાયાન કૃષ્ણપક્ષ છે. જ્ઞાનનો પ્રકાશ શ્રધ્ધાથી જ પ્રાપ્ત થાય છે તેને પ્રાપ્ત કરવા માટે એક મિનિટ પણ જો વ્યર્થ જાય તે જરાયે યોગ્ય નથી. ભગવાનની ભકિતમાં પ્રત્યેક પળ પસાર કરવી કે પછી શુધ્ધ મનથી લોક સેવામાં સમય વિતાવવો તે સમયનો સદ્ઉપયોગ કરવા બરાબર છે એટલે કે આવા ક્રમથી જીવનની દરેક પળ સાર્થક થાય છે. આટલું બધું કર્યા પછી પણ જો અંત સમય આવી જાય અને જીવન અધરું લાગે ત્યારે પણ ધીરજ રાખવી તે સાચી સમજદારી છે કારણ કે ભાવિ (આગામી) જન્મમાં સાધના (ભકિત) નો ક્રમ ચાલુ રહેવાનો છે. 'જડ ભરત' નું ઉદાહરણ આપણી સામે જ છે. વાસ્તવમાં આત્મદર્શનનો પ્રયાસ વ્યર્થ જતો નથી. અક્ષરબ્રહ્મ વ્યકિતને ભગવાનની ભકિતનું ફળ અચુક મળે છે.

### પરમાત્મા પાસે માંગવા ખુદ પરમાત્માથી રૂડું બીજું શું?

લેણ દેણના વર્તમાન યુગમાં આધ્યાત્મિક જગતમાં પણ સવાલ પૂછવામાં આવે છે કે, જો પરમાત્મા મળી જાય તો તેની પાસે શું માંગવુ ? આજે દરેક માણસ કોઇ ને કોઇની પાસે કંઇક માંગતો હોય છે. માતા-પિતા બાળકો પાસેથી સન્માન તો, બાળકો માતા-પિતા પાસેથી ધન માંગી રહ્યા છે. પતિ એવું ઇચ્છે છે કે પત્ની મારા હિસાબે ચાલે અને પત્ની એવું ઇચ્છે છે કે, પતિ મારા વિશે જ વિચારતો રહે. માલિક નોકર પાસે વધુ કામ માંગી રહયો છે તો, કામ કરનાર વ્યકિત વધુ પગાર માંગી રહી છે. આજે લોકો ભગવાન મળી જાય તો તેની સાથે સોદો કરવા પણ તૈયાર છે. ગુરૂનાનકે એક જગ્યાએ કહયું છે કે, માલિક મળે તો માલિકને જ માંગવો જોઇએ. તેનાથી ઓછો સોદો કરતા નહીં કેમકે, તેની પાસે તમે જો દુનિયા માંગશો તો તે પણ આપી દેશે. જે લોકો લાંબી-લાંબી અરદાશ કરીને માગે છે તેમને પરમાત્મા વારંવાર જન્મ તો આપી દે છે પરંતુ, આપણે શરીરના ચક્કરમાંથી છુટકારો નથી મેળવી શક્તા. શરીરના પ્રેમથી જેટલું છોડીશું તેટલા જ શાંતિની નજીક જઇશું. આપણને માનવ શરીર સ્વરૂપે જન્મ આપવા પાછળનો ભગવાનનો હેતુ જ એ છે કે આપણે સર્વશ્રેષ્ઠ મેળવીએ. અનેક કથાઓમાં વર્ણન છે કે ભગવાન જેમને પણ મળે છે તેમને પૂછે છે કે બોલો શું આપુ ? ભગત અહીં જ ચૂકી જાય છે. ભગવાનની સાથે પણ મોટો સોદો કરવો જોઇએ. પરમાત્મા પાસેથી પરમાત્માને જ માંગી લો.

### સુખમાં ભગવાનને યાદ કરશો તો દુઃખમાં કૃપા મળશે

એક એકદમ સુસંસ્કૃત અને ભોળી નારી હતી. તેના માતા-પિતા ભગવાનના ભકત હતા. તેમને પોતાની પુત્રીને પણ ઉત્તમ તાલીમ આપી હતી. લગ્ન બાદ તે પોતાના પતિના ઘરે આવી અને અહીં જ આવી ને વિચાર્યુ કે શું એક સ્ત્રીએ જીવનમાં તેના પતિની જ સેવા કરવી જોઇએ ? સાચી સેવા તો જીવને જીવન-મૃત્યુના ચક્કરમાંથી બચાવવાની છે. આ કામ ભગવાનના ભજન અને ચિંતનમાં લાગીને જ શક્ય છે. મારા પતિને પણ મારે આ સાચા માર્ગ પર લાવવો જોઇએ. આ વિચારીને તે પતિને સમયે-સમયે ઈશ્વરનું ભજન કરવાનું કહેતી રહેતી. તેના પતિદેવ એકદમ દુનિયાની પ્રવૃત્તિઓમાં લીન હતા. પત્નીની વાત સાંભળીને તે કહેતો કે અત્યારે ઉતાવળની જરૂર નથી. હજી ઘણા દિવસો બાકી છે. પૂજાનો પણ એક સમય હોય છે, જે હજુ આવ્યો નથી. દુનિયાનાં ફલાણાં- ફલાણાં કામ તો કરી લેવા દે પછી ભજન જ કરવાનુ છે. એક દિવસ પતિ બિમાર પડ્યા. વૈધ આવ્યા, નાડી તપાસીને દવા આપી. પત્ની બોલી, અત્યારે ક્યાં ઉતાવળ છે, હજુ તો ઘણું જીવવાનું છે, દવા પછી લઇ લે જો. પતિદેવ નારાજ થઇને બોલ્યા શું મરી ગયા બાદ દવા ખાવાની છે? પત્ની દવા આપતા બોલી દવા તો અત્યારે જ ખાવાની છે પરંતુ તમે તો ભગવાનનું ભજન મૃત્યુ બાદ કરવાનું નક્કી કર્યુ છે. મૃત્યુ ક્યારે આવશે એની કોને ખબર છે. પતિને પોતાની ભૂલ સમજાઇ અને પત્નીની માફી માંગી લીધી. માનવીએ જીવનની ક્ષણ ભંગુરતાને સમજીને ભગવાનને સુખમાં પણ યાદ કરવા જોઇએ. જેથી દુઃખમાં પણ તેની કૃપા મળતી રહે.

અશોકભાઇ વીરાભાઇ પટેલ
આચાર્ય, ધરપડા પ્રા. શાળા

# ખરી મર્દાનગી ભૂલ સ્વીકારવામાં છે.

ભૂલ થવી એક બહુ જ નોર્મલ ઘટના છે. માણસો ક્યારેક ભૂલને એટલી બધી ગંભીરતાથી લઈ લેતા હોય છે કે, એમના હૈયામાં આગ લાગી જાય છે. માણસ જ્યારે પોતાની કે અન્યની ભૂલ પચાવી શકતો નથી ત્યારે સમસ્યા સર્જાય છે. આ બાબતે ફાધર વાલેસ કહે છે કે, 'ભૂલનું ઉત્તમ પ્રાયશ્ચિત્ત ઉમંગથી ફરી જીવન શરૂ કરવું તે જ છે.'

ભૂલ કર્યા પછી એને સ્વીકારી જરૂર લો, પણ એનાથી પસ્તાવો ના કર્યા કરો. તમે ભૂલ સ્વીકારી છે એ જ એનું પ્રાયશ્ચિત્ત છે. હા, જો તમે તમારી ભૂલ દુનિયાથી છુપાવશો તો તમે એકની એક ભૂલ વારંવાર કરી ગણાશે.

જે માનવીને પોતાની જ ભૂલ દેખાય અને એ કોઈ પણ જાતની શરમ કે કોઈ પણ પ્રકારના સંકોચ વિના એને સ્વીકારી જાણે એ જ સાચો મર્દ છે. જે માણસ સૌની વચ્ચે એમ કહી શકે કે, 'હા, મેં આ ભૂલ કરી છે. એના માટે હું દિલગીર છું.' તો એને તાળીઓ પાડી વધાવી લેવો જોઈએ. એને શાબાશી આપવી જોઈએ. બાકી જે ભૂલ સંતાડે ખરા અને અંદર ને અંદર વહેરાય પણ ખરા એ તો નામર્દ કહેવાય. મારા મતે કામ કરનાર ની જ ભૂલ થતી હોય છે. અને જે ભૂલ કરે છે એજ ઇતિહાસ રચે છે.

ભૂલો ક્યારેક પ્રગતિના પગથિયા બનીને પણ આવતી હોય છે.

**કોઈ માણસ એમ કહે કે એણે કદી ભૂલ જ નથી કરી**
**તો ચોક્કસ માનજો કે એણે જાતે કદી કોઈ કામ કર્યું જ નથી..**

મુકેશભાઈ કરશનભાઈ બકરપરા
(ઇકબાલગઢ) ખજાનચી

# શિક્ષણનો મુખ્ય હેતુ

શિક્ષણનો મુખ્ય હેતુ શું હોઈ શકે? આ બાબતે જે આપણા આજના સમાજની સમજ બની છે તે ફક્ત બાળક આર્થિક રીતે સધ્ધર બનવું એટલે કે સારું પેકેજ મેળવી ખૂબ સુવિધાઓ ભોગવવી અને તેમાંથી સુખ શોધી તૃપ્ત થવાનો પ્રયત્ન કરે છે પણ શું તે તૃપ્ત થાય છે? શું ખરેખર આ શિક્ષણનો હેતુ હોઈ શકે? આજે બાળક જન્મથી લઈને ૨૨-૨૫ વર્ષની ઉંમર સુધી અંદાજે ૨૦ વર્ષ શિક્ષણને આપે છે જ્યારે તે શિક્ષણ પૂર્ણ કરે છે ત્યારે

(૧) શું તે ખરેખર આત્મવિશ્વાસથી ભરેલો હોય છે?
(૨) શું તે સુખી થવાની ક્ષમતા ધરાવતો હોય છે?
(૩) શું તે સંબંધો સાથે જીવવાની ક્ષમતા ધરાવતો હોય છે?
(૪) શું તે દરેક પરિસ્થિતિમાં સ્થિરતા બનાવી રાખે છે?

આ પ્રકારના પ્રશ્નો આપણને શિક્ષણની બાબતે વિચારતા કરી મૂકે છે. મારા મતે એટલે સુખપૂર્વક જીવન જીવવાની કળા, શિક્ષણ અરીસાની જેમ વર્તવું જોઈએ જેથી પોતાની સુક્ષ્મ ઓળખ જાણી શકાય અને સ્વતંત્ર બની શકાય.

શિક્ષણ એને જ કહી શકાય કે જે મેળવ્યા બાદ હું ખરેખર સુખની અનુભૂતિ કરી શકું. હું સુખી રહી શકું અને બીજાને પણ સુખી કરી શકવાની મારામાં ક્ષમતા બને અને સાથે સાથે મારી આજુબાજુ જે મારા જીવન માટે જરૂરી છે તેવા માં પ્રકૃતિનું પણ સંવર્ધન કરી શકું, સહ અસ્તિત્વને સમજી શકું.

''अपने पनका विस्तार बढा शकुं''

(૧) મારે કેમ જીવવાનું છે?
(૨) મારે કેવી રીતે જીવવાનું છે?

ઉપરોક્ત બે પ્રશ્નોના સમાધાનરૂપી જવાબ જ સાચું શિક્ષણ સાર્થક બને છે.

ॐ सर्व भवन्तु सुखिनः सर्व सन्तु निरामयाः ।।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्यवेत ।
शान्तिः शान्तिः शान्तिः ।।

સતિષભાઇ કાળીદાસભાઇ વોરા
પ્રમુખ, એન્જલ સ્કૂલ, ડીસા

# પશુ પ્રજનન વિશેની જાણકારી

દેશી વાછરડી/પાડી ૨ થી ૨.૫ વર્ષ થતાં (શંકર વાછરડી સવાથી દોઢ વર્ષ થતાં) અને ગાય/ભેંસના વિયાણ પછી બે માસ બાદ તેઓ તાપે/ગરમીમાં આવે છે કે નહીં તે જોવા દિવસમાં ૨ થી ૪ વાર ઝીણવટભર્યું અવલોકન કરવું. જો ધણ મોટું હોય તો આ માટે નસબંધી કરેલ સાંઢ/પાડા (Teaser) નો ઉપયોગ કરો.

તાજી વિયાણ થયેલી ગાય ભેંસોને ઓછામાં ઓછા બે મહિના (૬૦ દિવસ) સુધી ફેળવવી નહીં. કારણ કે વિયાણ સમયે ગર્ભાશયનું કદ મોટું થઈ ગયેલ હોઈ તેને મૂળ સ્થિતિમાં આવતાં સમય લાગે છે. આ ઉપરાંત ગર્ભાશયમાં રહેલો કોઈ પણ બગાડ, સ્ત્રાવ પણ દૂર થઈ જાય છે. આમ, બે મહિના માટે પ્રજનન કાર્યોમાં આરામ આપવો જરૂરી છે.

ગાય/ભેંસ તાપે (ગરમીમાં) આવ્યા બાદ બાર થી અઢાર કલાકે ફેળવવી. બીજી રીતે કહીએ તો સવારે ગરમીમાં આવેલ ગાય/ભેંસને સાંજે અને સાંજે ગરમીમાં આવેલ ગાય/ભેંસને બીજા દિવસે સવારે ફેળવવી. ફેળવ્યા તારીખની નોંધ રાખવી કે જેથી વીસ-બાવીસ દિવસે જાનવર ફરીથી તાપે આવ્યું છે કે નહીં તેનું ધ્યાન રાખી શકાય અને કુલ કેટલી વાર ફેળવ્યું તે પણ જાણી શકાય.

સંવર્ધનલક્ષી તમામ બાબતો જેવી કે વિયાણ તારીખ, ગરમીમાં આવ્યા તારીખ, ફેળવ્યા તારીખ વિગેરેની વિગતવાર નોંધ રાખો.

ગાય/ભેંસને ફેળવ્યા બાદ બે થી અઢી મહિને પશુ ચિકિત્સક પાસે ગર્ભાવસ્થાનું નિદાન કરાવવું.

ગાય/ભેંસ વિયાણ બાદ સાઈઠ-સિત્તેર દિવસમાં તાપે ન આવે તો પશુ ચિકિત્સક પાસે પશુની તપાસ કરાવી યોગ્ય સારવાર કરાવવી.

જે ગાય ભેંસો ગરમીમાં આવતી ન હોય અનિયમિત ઋતુકાળ દર્શાવતી હોય, વારંવાર ઉથલા મારતી હોય, ગર્ભપાત થયો હોય વિયાણ બાદ મેલી પડતી ન હોય, માટી ખસી ગઈ હોય તેવા તમામ કિસ્સામાં પશુ ચિકિત્સક પાસે તાત્કાલિક તપાસ કરાવી જરૂરી સારવાર કરાવી લેવી.

ઉછરતી વાછરડી/પાડીઓને તેમજ દૂઝણા પશુને પૂરતો લીલોચારો અને ખાણ-દાણ આપવા સાથે ત્રીસ ગ્રામ ક્ષાર મિશ્રણ, ત્રીસ ગ્રામ મીઠું અને વિટામીન્સ દાણમાં ઉમેરવા.

વિયાણ સમયે માટી ખસી જવાને લીધે કે મેલી ન પડવાને કારણે, ચેપ લાગ્યો હોય અને ગર્ભાશયમાં પરૂ આવતું હોય તેવા પશુઓને પશુ ચિકિત્સકની સલાહ મુજબ સારવાર કરાવવી.

પશુ રહેઠાણમાં યોગ્ય સાફ-સફાઈ રાખવી તથા ચેપી રોગોથી પીડાતી ગાય ભેંસને જુદી બાંધવી. ખરવા-મોવાસા, ગળસૂંઢો જેવા ચેપી રોગોથી રક્ષણ મેળવવા રોગ પ્રતિકારક રસીઓ સમયસર મુકાવવી.

ઉછરતી વાછરડી/પાડીઓને સમયાંતરે કૃમિનાશક દવાઓ પીવડાવવી. ધણમાં વરસે એકવાર ક્ષય રોગ (T.B.), જહોન્સનો રોગ (J.D.) તથા ચેપી ગર્ભપાત (Brucellosis), લેપટોસ્પાયરોસીસથી પીડાતા પશુઓ ઓળખી કાઢવા પરીક્ષણ કરાવવું તથા આવા પશુઓનો નિકાલ કરવો.

**પ્રકાશભાઇ ચેલાભાઇ સાળવી**
પશુધન નિરીક્ષક

**ડૉ. મફતલાલ નાગરભાઇ પટેલ (કુંભલમેર)**
મદદનીશ પશુપાલન નિયામક, પાલનપુર

# આદર્શ પ્રજનનક્ષમતા માટેના નિયત માપદંડ

| અ.નં. | વિગત | શંકર ગાય | ભેંસ |
|---|---|---|---|
| ૧. | પ્રથમ વખત ગરમીમાં આપવવાની ઉંમર (Purerty) | ૧૫ માસ | ૨૪-૨૫ માસ |
| ૨. | પ્રથમ વખત ફેળવવાની ઉંમર | ૧૮-૨૧ માસ | ૩૦-૩૨ માસ |
| ૩. | પ્રથમ વખત ફેળવતી વેળા જરૂરી વજન (કિ.ગ્રા.) | ૨૪૦-૨૬૦ કિલો | ૨૫૦-૨૭૫ કિલો |
| ૪. | પ્રથમ વિયાણની ઉંમર | ૨૭-૩૦ માસ | ૪૦-૪૨ માસ |
| ૫. | પ્રથમ વિયાણ વખતે વજન | ૩૨૫ કિ.ગ્રા. | ૩૫૦-૩૬૦ કિ.ગ્રા. |
| ૬. | સર્વિસ પીરિયડ (વિયાણ પછી પ્રથમ વખત ફેળવવાનો સમય) | ૬૦-૯૦ દિવસ | ૧૦૦-૧૨૦ દિવસ |
| ૭. | બે વિયાણ વચ્ચેનો ગાળો | ૧૩ માસ | ૧૪ માસ |
| ૮. | સર્વિસ / કન્સેપ્શન | ૧.૭૫ | ૧.૭૫-૨.૦ |
| ૯. | વાર્ષિક વિયાણ દર | ૮૫-૯૦ ટકા | ૮૦ ટકા |
| ૧૦. | ગર્ભાવસ્થા ગાળો | ૨૭૯-૨૮૫ દિવસ | ૩૧૦ દિવસ |









# પશુ રોગ નિયંત્રણ

સામાન્ય રીતે પશુઓમાં ચેપી તથા બિનચેપી એમ બે પ્રકારના રોગો થતા જોવા મળે છે. ચેપી રોગ મુખ્યત્વે બેક્ટેરીયા, વાઈરસ તથા પ્રોટોઝુઆ દ્વારા ફેલાતા હોય છે.

**બેક્ટેરીયા દ્વારા થતા રોગ :**

**(૧) ગળસૂંઢો (એચ.એસ.) :**

મુખ્યત્વે ગાય, ભેંસમાં આ રોગ થતો જોવા મળે છે. ખાસ કરીને આ રોગ નાની પાડી, વાછરડાને થાય છે. સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન કે ચોમાસા પછી આ રોગ થતો હોય છે.

**લક્ષણો :** ૧૦૫ઓ થી ૧૦૮ઓ ફેરનહીટ આસપાસ તાવ, મોઢામાંથી લાળ પડે, શ્વાસોશ્વાસ વધે, ધબકારા વધે, ગળાના ભાગે સોજા આવે, ગળામાંથી અવાજ પણ થાય છે. ૨૪ થી ૩૬ કલાકમાં પશુનું મૃત્યુ થઈ શકે છે.

**સાવચેતી :** તાત્કાલિક પશુચિકિત્સક પાસે સારવાર કરાવવી.

**ઉપાય :** આ રોગના નિયંત્રણ માટે દર છ માસે તેનું રસીકરણ કરાવવું જોઈએ. ચોમાસા પહેલાં મે-જૂનમાં તથા ડિસેમ્બરમાં તેની રસી મુકાવવી હિતાવહ છે.

**(૨) ગાંઠીયો તાવ (બી.ક્યુ.) :**

મોટા ભાગે ડુંગરાળ પ્રદેશોમાં આ રોગ જોવા મળે છે.

**લક્ષણો :** પશુને પાછલા પગ પર સોજો આવે, સખત તાવ આવે, પશુ બેચેન બની જાય, ચાલી ન શકે, થાપાના ભાગે ખરાબ વાસવાળું કાળું પ્રવાહી ભરાયેલું હોય, ત્યાં સોજાની જગ્યાએ થપકારવાથી ક્રીપીટેશન સાઉન્ડ (ફુગ્ગાનો ચચરાટી વાળો અવાજ) આવે. રોગની તીવ્રતામાં ૨૪ કલાકમાં પશુ મરણ પામી શકે છે.

**ઉપાય :** ગાંઠીયો તાવ (બી.ક્યુ.)નું વેક્સીનેશન ચોમાસા પહેલાં ભૂતકાળમાં જ્યાં રોગચાળો જોવા મળ્યો હોય તેવા રોગની શક્યતાવાળા વિસ્તારમાં કરવું જોઈએ.

**(૩) કાળીયો તાવ (એન્થ્રક્સ) :**

આ રોગ અત્યંત ચેપી રોગ છે. જે ગાય, ભેંસ, ઘેટાં, બકરામાં થતો રોગ છે. વાતાવરણમાં ફેરફાર કે બદલાવ આવે ત્યારે આ રોગ જોવા મળે છે. ખાસ કરીને નવેમ્બર થી જાન્યુઆરી દરમિયાન ચરીયાણ દરમિયાન પરીપક્વ-પાકું ઘાસ ખાતા તેના જડીયા મોઢામાં વાગે છે જેથી મોંમાં ઉઝરડા, ચાંદા પડે છે તે વાટે જંતુઓ શરીરમાં દાખલ થાય છે. આ જંતુઓ શરીરમાં કાતીલ ઝેર પેદા કરે છે. તેની અસર પામેલું પશુ બે થી ત્રણ કલાકમાં મૃત્યુ પામે છે.

**લક્ષણો :** આ રોગ થતાં પશુ સૂનમૂન શાંત થઈ જાય છે. તો ક્યારેક ઉશ્કેરાટ અનુભવે છે. ૧૦૭ઓ ફેરનહીટ જેટલું શરીરનું તાપમાન જોવા મળે છે, શ્વાસ ઝડપી બને છે, આંખો લાલ થઈ જાય છે, શરીરના કુદરતી દ્વારમાંથી લોહીનો સ્ત્રાવ જોવા મળે છે. દૂધમાં એકાએક ઘટાડો જોવા મળે છે, દૂધમાં લાલાશ અથવા પીળાશ જોવામળે છે, ક્યારેક ઝાડા થાય, જીભ તથા ગળામાં બંને પગના વચ્ચેના ભાગે કે યોની ભાગે સોજો આવે છે. ગાભણ પશુ તરવાઈ જાય કે મરણ પણ પામે છે.

**ઉપાય :** રોગચાળા દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારમાં રસીકરણ કરાવવું. જ્યાં રોગ થયો હોય ત્યાં ત્રણ વર્ષ સુધી સતત રસીકરણ કરાવવું જોઈએ. આ રોગ મનુષ્યમાં પણ થઈ શકે છે.

**(૪) એન્ટ્રોટ્રોક્સીમીયા (માથાવટુ) : (આંત્ર વિષજ્વર)**

મુખ્યત્વે આ રોગ ઘેટાં-બકરામાં થતો જોવા મળે છે.

**લક્ષણો :** માથા, ચહેરા તથા ગરદનના ભાગે સોજા જોવા મળે છે, ઝાડા થાય છે. આંતરડાંમાં સોજો આવે છે, હાંફ ચડે, નબળું પડી જાય તથા ચકરી ખાઈને પડી જાય છે.

**ઉપાય :** આ રોગ માટેનું રસીકરણ મે-જૂન માસ દરમ્યાન કરવામાં આવે છે. આવા રોગીષ્ટ ઘેટાંઓ માટે પાણી તથા ઘાસચારાની અલાયદી વ્યવસ્થા કરવી. વાડાની સફાઈ કરવી તથા મળમૂત્રનો યોગ્ય નિકાલ કરવો. રોગીષ્ટ ઘેટાંને ચરીયાણ માટે લઈ જવા નહીં. બીજા ઘેટાંથી અલાયદા રાખવા.

# પશુ રોગ નિયંત્રણ

**વાયરસથી થતા રોગ :**

**(૧) ખરવા-મોવાસા (એફ.એમ.ડી.) :**

ખરવાના ટૂંકા નામે ઓળખાતા આ રોગથી જાનવર મરતું નથી, પરંતુ પશુપાલકને આર્થિક રીતે મારી નાખે છે. પશુની ઉત્પાદન ક્ષમતા પર સીધી અસર કરે છે. બળદની કામ કરવાની શક્તિ તેમજ ગાય ભેંસની દૂધ ઉત્પાદનશક્તિ ઘટે છે.

**લક્ષણો :** પશુને તાવ ચડે છે. મોઢામાંથી ખૂબ લાળ પડે છે. જીભ, તાળવા તથા મોઢામાંહોઠના અંદરના ભાગે ફોલ્લાં પડે છે, જે ફૂટતાં ચાંદા પડે છે. પગની ખરીઓ વચ્ચે પણ ચાંદા પડે છે. દૂધાળા પશુનું દૂધ ૨૫ થી ૬૦ ટકા સુધી ઘટી જાય છે.

**ઉપાય :** આ રોગના નિયંત્રણ માટે ફેબ્રુઆરી માસમાં અને જુલાઈ–ઓગસ્ટમાં રસી મૂકાવવી જોઈએ. આ રોગના જંતુઓનો નાશ કરવા માટે સોડિયમ હાઈડ્રોક્સાઈડ, સોડિયમ કાર્બોનેટ તથા સાઈટ્રીક એસિડ જેવા રસાયણ ઉપયોગમાં લેવા જોઈએ. રોગીષ્ટ પશુને અલગ બાંધવા, મળમૂત્રનો યોગ્ય નિકાલ કરવો તથા વાડાની જંતુનાશક દવાથી સફાઈ રાખવી ઉપરાંત તેના ખોરાક અને પાણીની વ્યવસ્થા અલાયદી રાખવી. પશુના મોં તથા પગની ખરી પોટેશીયમ પરમેગેનેટના દ્રાવણથી સાફ કરવી. એક્રેલીન અથવા હિમેક્સ મલમ કે ટરપેન્ટાઈન તેલથી ડ્રેસીંગ કરવું જોઈએ. રોગીષ્ટ પશુઓની અવરજવર નિયંત્રિત કરવી જેથી રોગચાળો ફેલાતો અટકે છે.

**(૨) પી.પી.આર. :**

મોટે ભાગે ઘેટાં બકરામાં થતો આ રોગ ગંભીર તો છે જ, પરંતુ સર્વ સામાન્ય પણ છે.

**લક્ષણો :** આંખ અને નાકમાંથી પ્રવાહી ઝરે, મોઢામાં ચાંદા પડે, દુર્ગંધ મારતા ઝાડા થાય, ત્યારે તાવ આવે ઘેટું એકદમ સુસ્ત થઈ જાય, મરણ પણ પામે, ગાભણ ઘેટી તરવાઈ જાય.

**ઉપાય :** પી.પી.ના દ્રાવણથી મોઢું ધોવું. આ રોગના નિયંત્રણ માટે ઓકટોબર માસમાં રસી મૂકાવવી જોઈએ.

**સામાન્ય રોગો :**

**(૧) અંતઃપરોપજીવી કૃમિથી થતા રોગો :**

પશુના શરીરમાં અત:પરોપજીવી એવા કૃમિની હાજરીની પશુ સ્વાસ્થ્ય પર અસર પડ્યા વિના રહેતી નથી. શિયાળાની શરૂઆતમાં આ રોગ દરેક પશુઓમાં વધુ જોવા મળે છે. કૃમિએ પશુધનનો છુપો શત્રુ છે જે પશુઓને ધીમે ધીમે નાશ તરફ લઈ જાય છે. ગોળકૃમિ, ચકૃતકૃમિ, પટ્ટીકૃમિ, રજ્જુકૃમિ અને નાના કરમીયાં જેવા વિવિધ પ્રકારના કૃમિ વિવિધ પ્રકારના પશુના શરીરમાં પાંગરે છે.

**લક્ષણો :** પશુને પેટમાં ચૂંક આવે, વિકાસ રૂંધાય, પાચનશક્તિ નબળી પડે, પાતળા, ચીકણા, દુર્ગંધ મારતા કાળાશ પડતા ઝાડા થાય, લોહી પાતળું થાય, શરીર ફીક્કું પડે, જડબા નીચે પ્રવાહી ભરાય, વજન ઘટી જાય, દૂધ ઉત્પાદનશક્તિ ઘટી જાય.

**ઉપાય :** ચોમાસા પહેલાં તથા શિયાળાની શરૂઆત દરમ્યાન નદી, તળાવ કિનારાનું ઘાસ ઢોરને ચરવા દેવું નહીં. આ ઉપરાંત,

૧. બચ્ચાને પ્રથમ દસ દિવસે, ત્રણ માસ, છ માસ તથા બાર માસની ઉંમરે દવા પીવડાવવી.

૨. પશુઓને દર વર્ષે ચોમાસા પહેલાં અને ચોમાસા પછી કૃમિનાશક દવા પીવડાવવી.

૩. કૃમિનાશક દવાનો ઉપયોગ પશુચિકિત્સા અધિકારીના માર્ગદર્શન હેઠળ કરવો.

**(૨) આફરો :**

લીલોચારો (રજકો) ખાધા બાદ આફરો એકાએક ચડે છે.

**લક્ષણો :** ડાબુ પડખું અથવા પેટનો આખો ભાગ ફુલી જાય છે. પશુ અવારનવાર ઊઠબેસ કરે છે, પાછલા પગથી પેટ પર લાત મારવાનો પ્રયત્ન કરે છે. અનેક વખત જીભ બહાર નીકળી જાય છે, શ્વાસોચ્છવાસની ગતિ વધારે હોવાથી મોં ખુલ્લું રાખીને શ્વાસ લે છે. આવામાં પશુનું મૃત્યુ પણ થાય છે.

**ઉપાય :** ૫૦૦ ગ્રામથી એક કીલોગ્રામ મીઠું તેલ પીવડાવવું. તેલમાં ૨૦ થી ૩૦ મી.લી. ટરપેન્ટાઈન ઓઈલ નાખવું. વિલાયતી મીઠું ૪૦૦ થી ૫૦૦ ગ્રામ પાણીમાં ઓગાળીને પાવું, જેથી જુલાબ થશે અને પશુને રાહત થશે. પશુ ચિકિત્સકની સલાહ મુજબ દવાઓ પીવડાવવાથી ફીણ અને પરપોટાનો નાશ થતાં પેટમાં ભરાયેલો વાયુ છૂટો પડશે. આહારમાં પ્રોટીન સાથે રેસાવાળો ચારો યોગ્ય પ્રમાણમાં આપવો.

**(૩) આઉનો રોગ (મસ્ટાઈટીસ) :**

કહેવાય છે કે મસ્ટાઈટીસનો રોગ થવા માટે માણસ જ જવાબદાર છે. આંચળ તથા આઉના સંસર્ગમાં કોઈપણ જાતનાં જીવાણું આવે અને તેને અનુકૂળ વાતાવરણ મળતાં દુગ્ધ ગ્રંથિઓમાં સોજો આવે છે. આંચળ પરની ઇજા, રહેઠાણની ગંદકી, લાંબી અને લટકતી દૂધગ્રંથિમાં અંગૂઠા વડે આંચળને દબાવીને દૂધ દોહવાની રીત, દૂધ દોહનારના હાથની અસ્વચ્છતા તથા પશુની નબળી રોગ પ્રતિકારક શક્તિ જવાબદાર છે.

**લક્ષણો :** દૂધને બદલે પાણી જેવું ચીકણું પ્રવાહી કે પરૂ નીકળે, કોઈવાર લોહી પણ પડે, આંચળ અને આઉ કઠણ થઈ જાય, દૂધમાં ગઠ્ઠાઓ પડે, શરીરનું તાપમાન ઊંચું રહે આઉ–આંચળ ઠંડા થઈ જાય વગેરે ચિન્હો જોવા મળે છે. ઉપચાર માટે નજીકના પશુ ચિકિત્સા અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવો.

**ઉપાય :** આંચળને દોહતાં પહેલાં છાણ–માટી સાફ કરવા. દૂધ દોહવામાં નિપુણતા કેળવવી એટલે કે સાચી પદ્ધતિથી જ દૂધ દોહન કરવું. રોગવાળા જાનવરને છેલ્લે દોહવું અને તેનું દૂધ વપરાશમાં લેવું નહીં, દૂધ દોહવા મશીનનો ઉપયોગ કરવો હોય તો મશીન વ્યવસ્થિત સાફ કરવું. આંચળ અને આઉને મંદ જંતુનાશક દવા વડે સાફ કરી, સ્વચ્છ કપડાં વડે લૂછી પછી જ દૂધ દોહવું. દૂધ દોહન બાદ આંચળને જીવાણુંનાશક દ્રાવણમાં બોળવા.

**ચયાપચયના રોગો :**

**(૧) દૂધિયો તાવ (સુવા રોગ, મિલ્ક ફિવર) :**

વિયાણ પહેલાં ખાસ કરીને છેલ્લા મહિનાથી ૧૫ દિવસમાં જ્યારે ખોરાક કે શક્તિની દવા સ્વરૂપે પશુપાલક પશુને વધારાનું કેલ્શીયમ આપે છે, જેથી પેરાથાઈરોઈડ ગ્રંથિ નિષ્ક્રિય થઈ જતાં વિયાણ સમયે કેલ્શીયમનું લોહીમાં સ્થાનાંતરણ થતાં સમય લાગે છે. જેથી આ ગાળા દરમ્યાન કેલ્શીયમનું પ્રમાણ ઝડપથી નીચું જતાં પશુ સુવારોગનો ભોગ બને છે. સુવારોગ ન થાય તે માટે પશુપાલકે વિયાણ પહેલાં વધારાનું કેલ્શીયમ ન આપવું. જે વિયાણ પછી આપી શકાય છે. પશુપાલકો જ્યારે પશુમાંથી બધું જ દૂધ ખેંચી લે ત્યારે પણ આ રોગ થવાની શક્યતા રહેલી છે.

**લક્ષણો :** વિયાણ પછી ૨૪ થી ૭૨ કલાકની અંદર પશુ ઠંડું પડી જાય, ધ્રુજારી અનુભવે, કબજીયાત થાય, એકદમ ખાવાનું કે વાગોળવાનું બંધ કરી દે, જાનવર બેસી જાય કે આડું પડી જાય.

**ઉપાય :** ઘાસની પથારી કરવી, દર કલાકે પડખું ફેરવવું જેથી તેના સ્નાયુ જકડાઈ ન જાય. આ રોગના ઉપચાર માટે નજીકના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.

**(૨) કિટોસીસ :**

વાગોળતાં અને ઊંચું દૂધ ઉત્પાદન આપતાં પશુઓ કાર્બોદિત પદાર્થોના ચયાપચયની ખામીને કારણે શર્કરાની ખામી ઊભી થાય છે જેને લીધે આ રોગ થાય છે. વિયાણ બાદ એક કે બે માસ દરમ્યાન આ રોગ થાય છે.

**લક્ષણો :** પશુ ઝડપથી વજન ગુમાવે છે. દૂધ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. ક્યારેક પશુ ગોળ ગોળ ફરે છે, આંધળું થયું હોય તેમ વર્તે છે. ક્યારેક ખાણ ખાવાનું છોડી દે છે, રોગની મંદ અવસ્થા એ કોઈ ચિહ્નો બતાવતું નથી, પરંતુ દૂધ ઉત્પાદનમાં ધીમો પણ દૈનિક ૧ થી દોઢ લીટર જેટલો ઘટાડો જોવા મળે છે.

**ઉપાય :** આ રોગના નિયંત્રણ માટે પશુચિકિત્સકની સારવાર પછી પ્રોપીલીન ગ્લાયકોલ નામની દવા પ્રથમ દિવસે ૨૨૫ ગ્રામ બે વખત અને એ પછીના બે દિવસ માટે ૧૦૦ ગ્રામ દિવસમાં બે વખત પીવડાવી શકાય. સર્વ સામાન્ય દવા તરીકે ગોળની રસી પીવડાવી શકાય છે.

પ્રકાશભાઇ ચેલાભાઇ સાળવી
પશુધન નિરીક્ષક

ડૉ. મફતલાલ નાગરભાઇ પટેલ (કુંભલમેર)
મદદનીશ પશુપાલન નિયામક, પાલનપુર

# સારા સંસ્કાર ખૂબ જરૂરી છે

**સારા સંસ્કાર હોવાનો શો અર્થ થાય ?**

જે વ્યક્તિને સારા સંસ્કાર મળ્યા હોય, તે ખરું-ખોટું સારી રીતે પારખી શકે છે. ફક્ત એક સંજોગને આધારે નક્કી ન કરી શકાય કે વ્યક્તિમાં કેવા સંસ્કાર છે. પણ સિદ્ધાંતોના આધારે સંસ્કારો રચાય છે. વ્યક્તિનાં વાણી-વર્તન એ સિદ્ધાંતો પ્રમાણે હોય છે. કોઈ તેને જોતું ન હોય ત્યારે પણ તે યોગ્ય રીતે વર્તે છે.

**શા માટે જરૂરી છે ?**

ખરું શું છે અને ખોટું શું છે એ વિશેના ખોટા વિચારો બાળકોના મનમાં ઠસાવવામાં આવે છે. જેમ કે, સ્કૂલમાંથી, સંગીતમાંથી કે પછી ફિલ્મો અને ટીવી કાર્યક્રમોમાંથી. એ બધાના લીધે પોતાના સંસ્કારો પ્રમાણે વર્તવું બાળક માટે અઘરું થઈ પડે.

તરુણો માટે તો એ વધારે અઘરું હોય છે. બિયોન્ડ ધ બિગ ટોક નામનું પુસ્તક જણાવે છે, 'બાળકો તરુણ થાય એ પહેલાં તેઓને સમજાવવું જોઈએ કે લોકોને પસંદ પડે એવી બાબતો કરવાનું તેઓ પર દબાણ આવી શકે. પછી ભલે એમ કરવાથી તેના મિત્રો તેની સાથે વાત ન કરે કે ગુસ્સે થઈ જાય.' બાળક તરુણ થાય એ પહેલાં માતાપિતાએ તેને તાલીમ આપવી જોઈએ.

**કઈ રીતે શીખવી શકાય ?**

ખરું શું અને ખોટું શું એ બરાબર શીખવો.

**પવિત્ર શાસ્ત્રનો સિદ્ધાંત :**

'પરિપક્વ થયેલા લોકોએ ખરું-ખોટું પારખવા પોતાની સમજશક્તિ વાપરીને એને કેળવી છે.'

બાળકો સારા સંસ્કાર પારખી શકે એવા શબ્દો વાપરો. રોજબરોજના સંજોગો પર તેનું ધ્યાન દોરો. ફરક સમજાવવા કહો: 'આને કહેવાય પ્રમાણિક રહેવું; આને કહેવાય પ્રમાણિક ન રહેવું.' 'આને કહેવાય વફાદારી; આને વફાદારી ન કહેવાય.' 'આને કહેવાય દયા બતાવવી. આ કિસ્સામાં દયા બતાવી નથી.' બાળકને ધીરે ધીરે ખબર પડશે કે કેવાં કામ કરવાં જોઈએ અને કેવાં કામ ન કરવા જોઈએ.

તેઓને સમજાવો કે કોઈ બાબત કેમ ખરી છે કે ખોટી. આવા સવાલો પૂછી શકો: શા માટે પ્રમાણિક રહેવું સૌથી સારું કહેવાય? જૂઠું બોલવાથી કઈ રીતે મિત્રતા તૂટી જાય છે? ચોરી કરવી શા માટે ખોટું કહેવાય? સારાં કારણો આપીને બાળક સાથે ચર્ચા કરો, જેથી તે ખરું-ખોટું પારખવાનું શીખી શકે. સારા સંસ્કારો હોવા શા માટે જરૂરી છે, એના પર ભાર આપો. તમે કદાચ કહી શકો: 'જો તું પ્રમાણિક રહીશ, તો બીજાઓ તારા પર ભરોસો મૂકશે.' અથવા તમે કહી શકો: 'જો તું બધા સાથે સારી રીતે વર્તીશ, તો બધાને તારી સાથે રહેવું ગમશે.' સારા સંસ્કાર તો તમારા કુટુંબની ઓળખ હોવી જોઈએ.

**પવિત્ર શાસ્ત્રનો સિદ્ધાંત :**

તમે પોતે જે છો એની સાબિતી આપતા રહો.-૨ કોરીંથીઓ ૧૩:૫.

તમારા કુટુંબના બધા સભ્યો સારા સંસ્કાર પ્રમાણે જીવતા હોવા જોઈએ. જેથી, તમે પૂરા ભરોસાથી કહી શકો:
'અમારા કુટુંબમાં કોઈ જૂઠું બોલતું નથી.'
'અમારા ઘરમાં મારામારી કે બૂમ-બરાડા જોવા મળતા નથી.'
'જેમ-તેમ બોલવું કે ગાળો બોલવી, અમે ચલાવી લેતા નથી.'

તમારું બાળક જોઈ શકશે કે, એ સંસ્કારો ફક્ત પાળવા માટેના નિયમો નથી, પણ એ તો તમારા કુટુંબની ઓળખ છે. ટીવી પર કે સ્કૂલમાં લોકો જે રીતે વર્તે છે એની સરખામણી તમારા સંસ્કારો સાથે કરો. બાળકને આવા સવાલો પૂછી શકો:'એવા સંજોગોમાં તેં શું કર્યું હોત?' 'આપણા કુટુંબે શું કર્યું હોત?' સંસ્કારો પાળવા તેઓને સાથ આપો.

**પવિત્ર શાસ્ત્રનો સિદ્ધાંત :** તમારું અંતઃકરણ શુદ્ધ રાખો.-૧ પીતર ૩:૧૬.

સારા વર્તનનાં વખાણ. જો બાળક સંસ્કારો પ્રમાણે સારો વ્યવહાર કરે, તો તેના વખાણ કરો. તેને એનું કારણ પણ જણાવો. દાખલા તરીકે, તમે કહી શકો: 'તું સાચું બોલ્યો, મને એ જાણીને ખુશી થઈ.' જો બાળક જણાવે કે તેનાથી કંઈ ભૂલ થઈ છે, તો દિલથી તેના વખાણ કરો. પછી તેને સુધારો કરવાનું કહો.

ખરાબ વર્તનમાં સુધારો. બાળકોએ જે કર્યું છે, એ તેઓએ સ્વીકારવાની જરૂર છે. એમ કરવાનું તેઓને શીખવો. બાળકોને જણાવો કે તેઓએ શું ખોટું કર્યું છે અને કુટુંબના સંસ્કારોથી એ કેમ અલગ છે. પણ તેઓને સુધારવાથી તેઓ સારું અંતઃકરણ કેળવી શકશે. એ અંતઃકરણ સારાને સારું અને ખરાબને ખરાબ ગણશે.

નવનીતભાઇ ગોદડભાઇ ભૂટકા
ગઢ

# આભાર દર્શન

મા ખોડલની અસીમ કૃપાથી દીકરીઓને સંસ્કારયુક્ત સલામતી સાથેનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર દ્વારા સ્વસ્તિક મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુરની શરૂઆત કરેલ, જેમાં આજે ૨૫૦થી વધારે દીકરીઓ સંસ્કારયુક્ત ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દી બનાવી રહી છે.

મહિલા કોલેજના નવીન મકાનના નિર્માણ માટે આપશ્રી દ્વારા આપના આંગણાની એક મુઠ્ઠી માટી સાથે દીકરીઓના ઉત્થાન માટે અમૂલ્ય દાન આપી આપ સમાજ અને સંસ્થા પરિવારને મદદરૂપ બન્યા છો. જે પુરવાર કરે છે કે દીકરીઓની કેળવણી પ્રત્યે આપ લાગણી ધરાવો છો. આ ભગીરથ શિક્ષણયજ્ઞમાં દાન આપી આપ દીકરીઓના વિકાસમાં સહભાગી બન્યા છો, તેથી શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર આપનું દાન સહર્ષ સ્વીકારી આપનો દિલથી આભાર માને છે. તેમજ સહયોગ આપવા બદલ સંસ્થા આપની કાયમી ઋણી રહેશે.

આવો, આપણે સૌ સાથે મળીને દીકરીઓને સલામતી સાથેનું સંસ્કારયુક્ત ઉચ્ચશિક્ષણ મળી રહે તેવા પ્રયત્ન કરીએ અને નવીન શરૂ કરેલ મહિલા કોલેજ વટવૃક્ષ બને તે માટે યથાશક્તિ સહયોગી બનીએ, તેમજ આપણી દીકરી આપણી કોલેજમાં અભ્યાસ કરી પોતાના જીવન ઘડતરના સોપાનો સર કરે તેવા પ્રયત્ન કરીએ.

આપ દેશસેવા અને સમાજસેવા માટે નિરંતર કાર્ય કરતાં રહો અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રવૃત્ત રહો એવી અમારી અંતઃકરણ પૂર્વક શુભેચ્છાઓ.

આભાર સહ...

**શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ,**
**પાલનપુર**

# અતીતનાં સંસ્મરણો



'લેલા' ની ઉછામણી સમયે પૂજન વિધિમાં સામેલ
(૧) શ્રી બેચરભાઇ પરાગભાઇ આંટીયા (ગઢ)
(૨) શ્રી રેવાભાઇ ડોસજીભાઇ ગામી (ગઢ)
(૩) શ્રી તળશીભાઇ અમુભાઇ ગામી (ગઢ)



છાત્રાલયના મકાનનું ભૂમિપૂજન કરી રહેલા દાતાશ્રીઓ
સ્વ. પરાગભાઇ સવાભાઇ આંટીયાના સુપુત્ર શ્રી બેચરભાઇ (ગઢ) અને
સ્વ. રણછોડભાઇ તળશીભાઇ આંબાણીના સુપુત્ર શ્રી નાથાભાઇ (દલવાડા)

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, પાલનપુર સંચાલિત

# સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ





શ્રી પરાગભાઇ સવાભાઇ આંટીયા અને
શ્રી રણછોડભાઇ તળસીભાઇ આંબાણી
છાત્રાલય



શ્રીમતી સમુબેન ચેલાભાઇ સાળવી અને
શ્રીમતી મણીબેન શંકરભાઇ સાળવી
પ્રાથમિક શાળા



શ્રીમતી મૂળીબેન રણછોડભાઇ
હીરાભાઇ મેસરા
બાલમંદિર

- શ્રી પ.સ.આંટીયા અને શ્રી ર.ત. આંબાણી કુમાર છાત્રાલય
- શ્રીમતી એસ.સી. સાળવી અને શ્રીમતી એમ.એસ. સાળવી પ્રા.શાળા
- સ્વસ્તિક કન્યા છાત્રાલય
- સ્વસ્તિક ઇન્સ્ટિટયુટ ફોર પ્રોફેશનલ કાઉન્સેલિંગ એન્ડ કેરીયર અકેડમી
- સ્વસ્તિક આર્ટ અકેડમી
- બાળ સંસ્કાર મંદિર (PRE-NURSERY)
- શ્રી કે.કે. ગોઠી હાઇસ્કૂલ અને સ્વસ્તિક ઉચ્ચતર માધ્યમિક શાળા
- શ્રીમતી એમ.આર.એચ. મેસરા બાલમંદિર
- સ્વસ્તિક ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ
- સ્વસ્તિક મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
- સ્વસ્તિક સ્પોર્ટ્સ અકેડમી

સર્કિટ હાઉસની સામે, પાલનપુર (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૪૨) ૨૫૨૭૮૧, ૨૫૯૪૬૭, ૨૫૩૮૮૦